Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com


We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




*** તે ધર્મી ધન્ય છે ***

**ધ્રુવધામના-ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી,**
**ધગશ ને ધીરજથી ધખાવવારૂપ**
**ધર્મનો ધારક ધર્મી**
**ધન્ય છે.**
**પૂજ્ય ગુરુદેવ. તા. ૨-૩-૭૭**




તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર**
વીર સં. ૨૫૦૩, ફાગણ ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૪: અંક ૫ [ ૪૦૧ ]

# જાણનારને જાણવાની પર્યાયમાં પ્રત્યક્ષ જાણવો
# - એ તારો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે.

## પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મજ્ઞાનપ્રેરક હૃદયોદ્‌ગાર

જે જ્ઞાન પરને પ્રત્યક્ષ કરે છે કે આ રાગ છે, કર્મ છે, શરીર છે, ઘટ છે, મઠ છે, તો તે જ્ઞાન સ્વને પ્રત્યક્ષ કેમ ન કરી શકે ? જે જ્ઞાનની પર્યાય પરને 'આ છે' તેમ જાણવામાં કામ કરી શકે તે જ્ઞાનની પર્યાય જાણવાવાળો 'હું છું' એમ સ્વનું કામ કેમ ન કરી શકે ? આત્માની વર્તમાન દશા 'આ ઘટ છે, પટ છે, મકાન છે, પરમેશ્વર છે, મંદિર છે' તેમ તેને પ્રત્યક્ષ જ્ઞાનમાં જાણે છે કે નહીં ?-કે કોઈના આશ્રયે જાણે છે ? તો એ જ્ઞાનની દશા સ્વમાં વળે તો પોતાને પ્રત્યક્ષ કરે. કેમ કે પર્યાયમાં આત્મા જણાય છે. જ્ઞાનની વર્તમાન દશા પરને જાણવામાં પ્રત્યક્ષ કરે છે-જાણે છે કે આનું અસ્તિત્વ છે, 'આ છે, આ છે' એમ પરને જાણનારી પર્યાય શું સ્વના અસ્તિત્વને સિદ્ધ ન કરી શકે ? જે જ્ઞાનની પર્યાય પરને પ્રત્યક્ષ કરે તે સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે ? કારણકે સ્વનો પ્રકાશક એ તો તેનો મૂળ સ્વભાવ છે. સ્વના પ્રકાશક વિનાનો એકલો પરનો પ્રકાશક એ તો એનો મૂળ સ્વભાવ પણ નથી. ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુની પર્યાયનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે, તે પોતાના અસ્તિત્ત્વથી છે, તેથી પર પ્રકાશકનું જે જ્ઞાન પોતાનામાં રહીને પરની પ્રત્યક્ષતા કરે છે-આ પરનું અસ્તિત્વ છે એમ માને છે તે જ્ઞાન, પોતાના સ્વભાવને જાણતાં પર્યાયમાં આત્મા જ જાણવામાં આવે છે એવો નિર્ણય કેમ ન કરી શકે ? પાપનો રાગ આવે છે તેને જાણે કે નહીં ?-એ જેમ છે તેમ જાણે છે કે નહીં ?

[ અનુસંધાન પાનું ૧૬૫૨ ]

વાર્ષિક લવાજમ ૭ રૂપિયા
વર્ષ ૩૪ અંક ૫

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સં. ૨૫૦૩ : ફાગણ : ૧૯૭૭ A. D. 1977 MAR.

# જ્યાં છે સુખનું ધામ ત્યાં છે સત્ પુરુષનું રહેઠાણ

**સંતો ક્યાં વસે છે?-કે સુખ મળે એવું જે રહેઠાણ-નિજ ભગવાન આત્મા તેમાં વસે છે. જેમાંથી શાંતિ ન મળે તેમાં સત્ પુરુષો કેમ રહે? નરકાદિ દુ:ખનું કારણ એવા શરીરમાં જ્ઞાની કેમ રહે? એટલે કે મમત્વ કેમ કરે?**

**જેમાંથી સુખ ન મળે તેમાં સત્ પુરુષો રહેતા નથી. ભલે એકાદ બે ભવ ધારણ કરવા પડે છતાં જ્ઞાની તેમાં રહેતો નથી, કેમ કે જેમાંથી ઉત્તમ સુખની પ્રાપ્તિ ન થાય તેમાં સત્ પુરુષો કેમ રહી શકે?-ન જ રહી શકે.**

[ શ્રી પરમાત્મપ્રકાશક દ્વિતીય અધિકાર ગાથા ૧૫૩, પૂજ્ય ગુરુદેવના વૈરાગ્યરસ ઝરતાં પ્રવચનમાંથી તા. ૪-૨-૭૭. ]

ચૈતન્ય ભગવાન આત્મા વીતરાગ પરમાનંદ સુખરૂપ છે, શરીર અચેતન છે તેના

પ્રત્યેના પ્રેમમાં દુઃખ છે. પાંચ–ઇન્દ્રિયના વિષયમાં લાલસા તે દુઃખ છે, માટે જેણે સુખી થવું હોય, જેણે મોક્ષમાર્ગ પ્રગટ કરવો હોય તેણે વીતરાગ પરમાનંદરૂપ નિજ આત્માનું ધ્યાન કરવું. આત્મા કેવો છે કે એ તો વીતરાગ પરમાનંદ સુખરૂપ છે અને તેનાથી વિપરીત નરકાદિ ચાર ગતિના દુઃખ છે. સ્વર્ગના દેવો પણ દુઃખી છે, કેમ કે જેને આનંદસ્વરૂપ ભગવાનનો આશ્રય નથી તેને પરનો આશ્રય છે માટે તેઓ દુઃખી છે.

શરીર તો જડ છે તેનો પ્રેમ કરવો તે દુઃખ છે. જેમ સનેપાતિયો સનેપાતના જોરમાં હસે છે પણ તે સુખી નથી, તેને વાત–કફ–પિત્ત ત્રણેની દશા વકરી ગઈ છે તેથી તે બહુ દુઃખી છે. તેમ અજ્ઞાનીને સ્ત્રી–પુત્ર–પૈસા આદિમાં રાજીપો લાગે છે પણ તે દુઃખી છે, સનેપાતિયાની જેમ અજ્ઞાની ભલે પોતાને સુખી માને પણ તે દુઃખી છે. અહીં તો કહે છે કે વીતરાગ પરમાનંદ સુખરૂપથી વિરુધ્ધ જે ચાર ગતિના દુઃખ તેનું કારણ શરીર છે, તેના તરફનું વલણ ખરાબ છે તેમ જાણીને તેની મમતા છોડ. શરીરને પર જાણીને જ્ઞાની જીવો તેની મમતા છોડી દે છે. દેહ મારો છે એ માન્યતા જ મિથ્યાત્વ છે ને મિથ્યાત્વ એ મહા પાપ છે, માટે તું દેહની મમતા છોડ.

ભગવાન આનંદનો નાથ છે તેના પર નજર ન કરતાં શરીર પર નજર કરીને ત્યાં રોકાય તે દુઃખી છે. શરીર મારું છે એવી મમતા કરે તે દુઃખી છે. તેમ જાણીને જ્ઞાની શરીરનો પ્રેમ છોડે છે. ભગવાન તારે સુખી થવું હોય તો શરીરની મમતા છોડ. ભગવાન કહે છે કે તું નિજ સત્તાએ પૂર્ણ છો. ભગવાન તને કેવો જોવે છે?–કે તારી સત્તા વડે પરિપૂર્ણ દેખે છે. ભગવાન કહે છે કે તું વીતરાગ પરમાનંદ સુખ સ્વરૂપ છો ને શરીર દુઃખરૂપ છે માટે શરીરની મમતા છોડ ને નિજ શુદ્ધાત્માનું સેવન કર.

શરીર–મન–વાણીની પ્રીતિ તે તેનું સેવન છે. હવે તું તેનું સેવન છોડીને શુદ્ધાત્માનું સેવન કર. પ્રીતિ કરે, તેમાં એકાગ્ર થા, તને પરમ સુખ થશે. તું ભગવાન છો! પામરતાનું પડખું ફેરવી નાખ! શરીર મારું, સ્ત્રી મારી, પુત્ર પૈસા મારા એમ તું શરીરના પડખે સૂતો છે પણ ત્યાં કષાય સળગી રહ્યો છે તેથી ત્યાંથી પડખું ફેરવીને શુદ્ધાત્મ પરમાત્મ સ્વરૂપને પડખે આવે, તને પરમ શાંતિ અનુભવાશે.

અતીન્દ્રિય આનંદરૂપ નિજ ભાવનામાં ઠરીને–સ્થિર થઈને શરીરની પ્રીતિ છોડ. શરીરની મમતા એમ ને એમ નહીં છૂટે પણ સ્વરૂપમાં ઠરવાથી એકાગ્ર થવાથી મમતા છૂટશે. ભગવાન તું રાગમાં ઠરીને સ્વરૂપને ભૂલ્યો છો તો હવે સ્વરૂપમાં ઠરીને રાગને ભૂલી જા. નિજ સ્વરૂપમાં ઠરીને રાગનો, દેહનો ને પૈસાદિનો પ્રેમ છોડ. જેમાં સુખ નથી એવા શરીરાદિની સુખની માન્યતા મિથ્યાત્વ છે.

અરે ભાઈ! શરીર અને પર તરફની દ્રષ્ટિ છોડીને સ્વ તરફ દ્રષ્ટિ માંડ, ત્યાં તને શાંતિ થશે. નિજ સ્વરૂપ તે આનંદનું ધામ છે, તે તારું ઘર છે, તેમાં જતાં તને આનંદ આનંદ થશે. ત્રણ લોકના નાથ ધર્મપિતા એમ કહે છે કે આ આનંદનું ભર્યુંભાણું મૂકીને શરીર તથા પરની પ્રીતિરૂપી એઠું ચાટવા કેમ જાય છે? આનંદનું ધામ એવા નિજ ઘરમાં કેલી કરને!

ભગવાન પાંચ–ઇન્દ્રિય તરફના વલણથી રહિત છે, શરીરની મમતાથી તે નહીં મળે. દેહની મમતાથી કે દેહની ક્રિયાથી શુદ્ધાત્મા નથી મળતો. તેથી સત્ પુરુષો ક્યારેય દેહમાં નથી વસતા. મહા દુઃખનું કારણ એવા આ શરીરમાં સત્ પુરુષો કેમ રહે? રાગમાં રહેવું તે મહા દુઃખનું કારણ હોવાથી સત્ પુરુષો તેમાં કેમ રહે? છ–ખંડના રાજ્યમાં રહેતો દેખાવા છતાં સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી તેમાં રહેતો નથી. ધર્માત્મા એ શરીરમાં કે રાગમાં રહેતા નથી. શરીર હોવા છતાં ધર્માત્મા એ શરીરમાં રહેતા નથી. દુઃખના કારણ એવા પુણ્ય–પાપના ભાવમાં કે શરીરમાં જ્ઞાની કેમ રહે? રાગ હોય ખરો, પણ તેમાં જ્ઞાનીની દ્રષ્ટિ નહીં હોવાથી જ્ઞાની ત્યાં વસતો નથી. જ્યાં સુખ ન મળે ત્યાં ધર્મી કેમ રહે?–ન જ રહે.

અશરીરી સ્વભાવમાં ઠર તો તને અશરીરી દશા પ્રાપ્ત થશે, શરીર–વાણી–મન જડ છે, શુભાશુભ ચેતન રહિત અચેતન છે, તેમાંથી સુખ મળતું નથી તો જ્ઞાની ત્યાં કેમ રહે? સત્ પુરુષો ત્યાં કેમ વસે કે જ્યાં સુખ ન હોય. પુણ્ય–પાપ કે શરીરમાં સુખ નથી માટે સત્ પુરુષો તેમાં વસતા નથી. જ્યાં આત્માનું સુખ ન મળે ત્યાં સત્ પુરુષો કેમ રહે? માટે તું પણ પુણ્ય–પાપ ને શરીર પરથી દ્રષ્ટિ ઉઠાવી લે ને સત્ છે ત્યાં દ્રષ્ટિ કર.

રાગથી માંડીને સઘળા પરદ્રવ્યમાં ધર્મી કેમ રહે? જેમાં સુખ નથી, શાંતિ નથી એવા વ્યવહારરત્નત્રયમાં જ્ઞાની કેમ રહે? જેમાં દૌલત નથી, આત્મનિધાન નથી એમાં ધર્મી કેમ દ્રષ્ટિ દે? જ્યાં આત્મનિધાન ભર્યા પડયા છે ત્યાં તું દ્રષ્ટિ દે. ધર્મી જીવ તો જ્ઞાન તે આનંદમાં રહેલ છે, ભલે બહારમાં રાગ હોય, શરીર હોય પણ દ્રષ્ટિમાં રાગ કે શરીર નથી. ધર્મી જ્યાં રહ્યો છે ત્યાં રાગ કે શરીર નથી ને રાગ કે શરીર છે ત્યાં ધર્મી રહેતો નથી.

પ્રભુ! જ્યાં સુખ નથી ત્યાં કેમ રહે છો, જ્યાં દુઃખ છે ત્યાં પર સંગ છે, એ તો વ્યભિચાર છે એ તને કેમ શોભે? જ્યાં સુખ નથી ત્યાંથી દ્રષ્ટિ છોડી દે ને જ્યાં સુખ છે ત્યાં દ્રષ્ટિ જોડી દે. અહીં તો કહે છે કે જ્યાં ન મળે પરમ સુખ, ત્યાં રહે કેમ

[ વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ૭ ]

# ધ્રુવધામના ધ્યાનની ધૂનમાં જ્ઞાની સર્વ ઉપભોગ પ્રત્યે ઉદાસીન

**આત્માજ્ઞાયક સ્વરૂપ છે એવો જેને સ્વીકાર આવ્યો છે એવા જ્ઞાનીને પોતાનામાં અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો અનુભવ હોવાથી રાગાદિકમાં તેમજ સુખ-દુ:ખાદિકમાં રુચિ નથી. જ્ઞાનીને જ્ઞાનધારા અને કર્મધારા બંને સાથે હોય છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને રાગ હોય છે પણ રાગમાં રસબુદ્ધિ નથી, હેયબુદ્ધિ હોય છે, તેથી જ્ઞાની રાગાદિ ક્રિયામાં કે ભોગાદિ ક્રિયામાં પરિગ્રહપણાને ધારતો નથી.**

[ તા. ૧૩–૧–૭૭ ના રોજ શ્રી સમયસાર શાસ્ત્ર પર પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી ]

શ્રી સમયસાર ગાથા ૨૧૬ માં એમ કહ્યું કે જ્ઞાની ભવિષ્યના ઉપભોગોને વાંછતો નથી, હવે કહે છે કે જ્ઞાનીને સર્વ ઉપભોગ પ્રત્યે વૈરાગ્ય છે.

**સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,**
**તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.**

જે અધ્યવસાનના ઉદયો સંસાર સંબંધી છે અને બંધનના નિમિત્ત છે તેઓ રાગ–દ્વેષ–મોહાદિક છે તથા જે અધ્યવસાનના ઉદયો દેહ સંબંધી છે અને ઉભેપાગનાં નિમિત્ત છે તેઓ સુખ–દુ:ખ આદિ છે. જ્ઞાની તે બધામાં જ્ઞાતા–દ્રષ્ટા છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એવો જેને સ્વીકાર આવ્યો છે એવા જ્ઞાનીને પોતાનામાં અતીન્દ્રિ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો અનુભવ હોવાથી રાગાદિકમાં તેમ જ સુખ–દુ:ખાદિકમાં રાગ નથી. સ્વભાવની દ્રષ્ટિમાં જ્ઞાની વિભાવને–રાગને પોતાના માનતો નથી.

જે મતિ–શ્રુતજ્ઞાનમાં આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે છે, જેણે અબદ્ધસ્પૃષ્ટ આત્માને પોતાના શુદ્ધોપયોગમાં અનુભવ્યો છે તેણે સકલ જૈનશાસનને દેખ્યું છે,

જાણ્યું છે; અને એવા જ્ઞાનીને શરીર સંબંધીના રાગનો કે સંસાર સંબંધીના રાગનો રાગ નથી, રાગનું કર્તાપણું નથી. જેણે નિજાત્મા પૂર્ણાનંદનાથ પ્રભુને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય કરીને જાણ્યો છે એવા જ્ઞાનીને રાગાદિકનો કે સુખદુઃખાદિકનો રાગ નથી. સંસાર સંબંધી કર્તાપણાનો રાગ હો કે શરીર સંબંધી ભોક્તાપણાનો રાગ હો પણ ધર્મીને રાગનો રાગ હોતો નથી. જ્ઞાનીને પોતાના અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ રાગાદિકમાં કે ભોગાદિકમાં મીઠાશ હોતી નથી. ધર્મીને આત્મામાં સુખબુદ્ધિ થઈ હોવાથી શુભાશુભ રાગમાંથી રાગબુદ્ધિ ઊડી ગઈ છે.

ધર્મી એને કહીયે, જ્ઞાની તેને કહીયે કે જેને રાગમાં ને રાગના ભોક્તાપણામાં બંનેમાં રાગ નથી, પોતાપણું નથી. જેને પોતાના માને નહીં, જેમાં સુખ માને નહીં એવા રાગાદિક ભાવનો ધર્મીને રાગ હોતો નથી. રાગ કેમ હોતો નથી ?–કે શુભાશુભનું કર્તાપણું ને ભોક્તાપણું તે અનેક દ્રવ્યોનો સ્વભાવ છે, કર્મના સંગે થયેલો ભાવ છે, ભગવાન આત્માનો તે સ્વભાવ નથી. કર્મના સંગે ઉત્પન્ન થયેલો ભાવ સંયોગ ભાવ છે કેમ કે તે પોતાના ભગવાન આત્માના આશ્રયે ઉત્પન્ન થયો નથી, પણ સંયોગના વશે થયેલો ભાવ છે, તેથી ધર્મીને તે ભાવનો રાગ નથી. ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવ જ્ઞાનીને અનેક દ્રવ્યોનો જે સ્વભાવ છે તેનો નિષેધ છે.

એકરૂપ જ્ઞાયકભાવ છે તેને આત્મા કહીયે. જ્ઞાની એક જ્ઞાયકસ્વભાવ હોવાથી અનેક દ્રવ્યો જેનો સ્વભાવ છે એવા કર્તા–ભોક્તાપણાના રાગનો જ્ઞાનીને નિષેધ છે. સંસારસંબંધી કે શરીરસંબંધી એટલે કે કર્તા–ભોક્તાપણાના રાગાદિકનો જ્ઞાનીને પ્રેમ નથી. જેને આત્મા રુચ્યો છે તેને તે ભાવ રુચતો નથી. બીજી રીતે કહીયે તો જ્ઞાયક–ભાવમાં રાગાદિનો અભાવ છે, નહીં તો જ્ઞાયકભાવ જડ થઈ જાય, કેમ કે રાગાદિ અચેતન છે. રાગાદિના અભાવસ્વરૂપ જ્ઞાયકભાવને જ્ઞાનીએ દ્રષ્ટિમાં લીધો હોવાથી જ્ઞાયકભાવમાં જેનો અભાવ છે એવા રાગાદિનો જ્ઞાનીને રાગ હોતો નથી. જ્ઞાયકભાવને જેણે દ્રષ્ટિમાં લીધો છે એવા જ્ઞાનીને રાગાદિકનો નિષેધ છે.

રાગ–દ્વેષ–મોહ અને સુખ–દુઃખના ભાવ આત્મા અને કર્મના સંયોગે ઉત્પન્ન થાય છે, તેથી તે ભાવ વ્યભિચારીભાવ છે. જ્ઞાન ને આનંદસ્વભાવી પ્રભુના આશ્રયે ઉત્પન્ન થાય તે નિર્વિકારી ભાવ હોય, પણ નિમિત્તને વશ થઈને જે ભાવ ઉત્પન્ન થાય તે વિકારી ભાવ છે, તે વ્યભિચારી ભાવ છે, કેમ કે તે બે દ્રવ્યોના સંયોગે ઉત્પન્ન થયેલો ભાવ છે. જે એક દ્રવ્યનો સ્વભાવ છે તે શુદ્ધભાવ છે અને જે બે દ્રવ્યોનો

સ્વભાવ છે તે અશુદ્ધ ભાવ છે. એક શુદ્ધ ચૈતન્યદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે તે ભાવ અવ્યભિચારી ભાવ છે અને તે મોક્ષનું કારણ છે, તથા જે નિમિત્તના સંયોગ નિમિત્તને વશ થઈને ઉત્પન્ન થયેલો ભાવ છે તે વ્યભિચારી ભાવ છે, તે બંધનું કારણ છે.

વિકારીભાવ બે દ્રવ્યોના સબંધે ઉત્પન્ન થયા છે પણ તેનો અર્થ નિમિત્ત વડે ઉત્પન્ન થયા છે તેમ નથી પરંતુ નિમિત્તને વશ થઈને ઉત્પન્ન થયા છે, તેથી તે અનેક દ્રવ્યોનો સ્વભાવ છે, જ્ઞાનીને તો એક જ્ઞાયકસ્વભાવ હોવાથી તેનો નિષેધ છે. વ્યવહારરત્નત્રયનો રાગ બે દ્રવ્યોનો સ્વભાવ છે, જ્ઞાની તો એક જ્ઞાયકસ્વભાવ હોવાથી જ્ઞાનીને વ્યવહારરત્નત્રયનો રાગ નથી, દ્રષ્ટિમાં નિષેધ વર્તે છે.

વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે ખરો પણ જ્ઞાનીને દ્રષ્ટિમાં તેનો નિષેધ વર્તે છે તેથી તેની પ્રીતિ નથી. પરદ્રવ્ય અને પરભાવ સંસારભ્રમણનું કારણ હોવાથી જો જ્ઞાની તેની પ્રીતિ કરે તો તે જ્ઞાની કેમ કહેવાય? અર્થાત્ જ્ઞાનીને તેની પ્રીતિ હોતી નથી. અસ્થિરતાનો પ્રશસ્થરાગ જ્ઞાનીને આવે છે ખરો, હોય છે ખરો પણ તેની રુચિ, પ્રીતિ ને આદર જ્ઞાનીને નથી કેમ કે જ્ઞાનીને એક જ્ઞાયકસ્વભાવની જ રુચિ, પ્રીતિ ને આદર વર્તે છે.

જ્ઞાનીને રાગ હોય છે, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ભગવાનની ભક્તિ–સ્મરણ આદિ રાગ હોય છે ખરો, પણ જ્ઞાનીને રાગનો રાગ એટલે કે રાગની રુચિ હોતી નથી. જ્ઞાનીને સ્ત્રી–પુત્ર પ્રત્યે જે રાગ હોય તેના કરતાં દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ભિન્ન પ્રકારનો રાગ હોય છે. જો દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યેના રાગ કરતાં સ્ત્રી–પુત્ર આદિ પ્રત્યેનો રાગ અધિક હોય તો તે જ્ઞાની નથી, મિથ્યાદ્રષ્ટિ છે. પરંતુ અહીં તો એ વાત ચાલે છે કે જ્ઞાનીને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે રાગ હોવા છતાં તે રાગનો રાગ જ્ઞાનીને હોતો નથી. જો જ્ઞાનીને પ્રશસ્થ રાગનો રાગ, રુચિ, પ્રીતિ કે આદર હોય તો તે જ્ઞાની કેમ કહેવાય?

આમ જ્ઞાનીને રાગ હોવા છતાં તે રાગને ગ્રહતો નથી. તે વાતને દ્રષ્ટાંત દ્વારા અમૃતચંદ્રાચાર્ય કહે છે કે જેમ લોધર, ફટકડી જેને લાગેલ નથી તેવા વસ્ત્રને રંગનો સંયોગ હોવા છતાં તે વસ્ત્ર રંગને ગ્રહણ કરતું નથી, ઉપર ઉપર રહે છે. તેમ જ્ઞાની રાગથી ભિન્ન વર્તતો થકો રાગરૂપ નહીં થતો હોવાથી જ્ઞાની રાગાદિને ગ્રહતો નથી. જ્યાં સુધી પૂર્ણ અવસ્થા ન થાય ત્યાં સુધી રાગ આવે છે ખરો, પણ અબંધ

સ્વરૂપથી રંગાયેલો હોવાથી જ્ઞાની રાગથી લેપાતો નથી તેથી જ્ઞાનીને પુણ્ય–પાપની ક્રિયાનું પરિગ્રહણપણું હોતું નથી. દયા–દાન–વ્રત–તપાદિ વિકલ્પની ક્રિયા હોય છે પણ તેમાં મારાપણું હોતું નથી. તે ભાવ આવે છે ખરો પણ હેયબુદ્ધિએ આવે છે, રસબુદ્ધિએ આવતો નથી.

જ્ઞાનીને જ્ઞાનધારા ને કર્મધારા બંને સાથે હોય છે. જ્યાં સુધી કર્મનો અભાવ થતો નથી ત્યાં સુધી રાગ હોય છે પણ રાગમાં રસબુદ્ધિ નથી. હેયબુદ્ધિ છે તેથી રાગાદિમાં પરિગ્રહપણું ધારતો નથી. રાગની ક્રિયા જ્ઞાનીને હોય છે, ન હોય તો વીતરાગ થઈ જાય. નિશ્ચય સાથે વ્યવહાર હોય છે પણ વ્યવહારથી નિશ્ચય થતો નથી. જેમ ઘડાની પર્યાયને કુંભાર કરતો નથી તેમ વ્યવહાર હોય છે પણ તે વ્યવહાર નિશ્ચયનો કર્તા નથી.

જ્ઞાનીને ચૈતન્યઘનમાં મારાપણું છે તેથી રાગની ક્રિયામાં મારાપણું થતું નથી. જેમ બાળકને 'મમ' આપે છે, બાળકને 'મમ' ભાવે છે તેમ જ્ઞાનીને આત્મા મમ છે, આત્મા ભાવે છે તેથી રાગાદિની ક્રિયામાં મમ–મીઠાશ લાગતી નથી, રાગાદિની ક્રિયા ભાવતી નથી. એ રીતે જ્ઞાનીને રાગ હોવા છતાં જ્ઞાની રાગાદિની ક્રિયામાં કે ભોગની ક્રિયામાં પરિગ્રહપણાને ધારતો નથી.

[ જ્યાં છે સુખનું ધામ..........પૃષ્ઠ ૩ થી ચાલુ ]

સંત ? દુઃખની જ્વાળા સળગે ત્યાં ધર્મી કેમ રહે ? જ્યાં આનંદની ધારા વહે ત્યાં ધર્મી વસે છે. માટે તું પણ દેહથી ઉદાસ થઈને સંસારની આશા છોડ ને આત્મભાવના કર તો તને સુખનું નિવાસ જે મોક્ષપદ તેની પ્રાપ્તિ થશે. અને જે આત્મભાવના છોડીને દેહાદિનો રાગ કહે છે, સ્વભાવમાં સુખ છે તે છોડીને પરમાં સુખ લેવા જાય છે તે અનંત ભવ ધારણ કરતો થકો સંસારમાં ભટકે છે.

# સ્વને જાણતાં સુખ (તેના અભાવમાં) પરને જાણતાં દુઃખ

**હે ભવ્ય! સુખ આત્માધીન છે માટે તેમાં સંતોષ કર, પૈસાદિમાં સુખ નથી, પૈસાદિ જેટલી પરચીજ છે તેના ચિંતવનથી તને દાહ થશે, ચિત્તમાં કષાય-અગ્નિની જ્વાળા સળગશે. માટે તારા આત્મામાં નજર કર, કેમ કે તે અનંત આનંદનું ગોદામ છે. સંતો કહે છે કે પર તરફના ભોગોની ઇચ્છાથી તને શાંતિ નહીં થાય પણ દાહ થશે, માટે તું અધ્યાત્મમાં પ્રીતિ કર તો તને સુખ થશે, કેમ કે તે સ્વાધીન છે.**

[ શ્રી પરમાત્મપ્રકાશ, દ્વિતીય–અધિકાર ગાથા ૧૫૪, પૂ. ગુરુદેવના વૈરાગ્યરસ ઝરતાં પ્રવચનમાંથી, તા. ૫–૨–૭૭ ]

ભગવાન આત્મા સુખસ્વરૂપ છે, ત્યાં આનંદ છે, ત્યાં શાંતિ છે, ત્યાં પ્રભુતા છે તેને નજરમાં લે. આત્મા સિવાય અન્ય પદાર્થની વિસ્મયતામાં તારું જ્ઞાન રોકાઈ ગયું છે તેથી દુઃખી છો. પુણ્યથી માંડીને પર પદાર્થના અવલંબનથી તું દુઃખી છો. પર્યાયમાં જે જણાય છે તે પર પદાર્થની તને કિંમત આવી છે પણ જેમાં જણાય છે એવા જ્ઞાનસ્વભાવની તને કિંમત નથી તેથી દુઃખી છો માટે અહીં કહે છે કે ભાઈ, તારે સુખી થવું હોય તો આત્માની પ્રીતિ કર. નગ્ન દિગંબર સાધુ થયો, પંચ મહાવ્રત ધારણ કર્યાં પણ તેં એક સમયની પર્યાયમાં જ બધી રમત કરી–દ્રષ્ટિ કરી છે પરંતુ અવસ્થાયી કોણ છે તેનું માહાત્મ્ય કર્યું નથી, પ્રીતિ કરી નથી. શરીર, આબરૂ, કર્મ કે રાગને આધીન જે સુખ નથી એવા આત્મિક સુખની પ્રીતિ કરી નથી. તારું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે, એ સ્વરૂપમાં અનંત આનંદાદિ અનંત ગુણોનું ગોદામ છે પણ એના મહાત્મ્ય આવ્યા નથી. જેની પરિણતિ સુખરૂપ થતાં અનંત અનંત આનંદ આવે અને જે ખૂટે નહીં એવું તારું સ્વરૂપ છે, પણ એની દ્રષ્ટિ ક્યાં છે! બહારની જરાક અનુકૂળતા મળી જાય ત્યાં તો હું સુખી છું એવી ભ્રમણા થઈ જાય છે.

અહીં તો યોગીન્દ્રદેવ કહે છે કે ભવ્ય! આત્માધીન સુખ છે માટે તેમાં સંતોષ

કર, પૈસાદિમાં સુખ નથી. પૈસાદિ જેટલી પરચીજ છે તેમાં તને દાહ થશે. ઇન્દ્રિયાધીન સુખનું ચિંતવન કરવાથી તારા ચિત્તમાં કષાય–અગ્નિની જવાળા સળગે છે. ભગવાન આત્માને આધીન આનંદ વર્તે છે, માટે જ્યાં આનંદ છે ત્યાં નજર કરને! અને જ્યાં આનંદ નથી ત્યાંથી નજર ઉઠાવી લેને! તારા આત્માને આધીન સુખથી તને સંતોષ થશે ને ઇન્દ્રિયાધીન સુખકલ્પનાથી તને દાહ થશે. પુણ્ય–પાપ રાગ છે તે વિષમ છે, વિષમ છે તે દાહ છે. માટે સમતાસ્વરૂપ ભગવાન આત્મામાં જઈને સમતા પ્રગટ કર. તારા આત્મામાં જાને! તારા આંગણા છોડીને બહારમાં ક્યાં જાય છે!

આત્માધીન સુખ કેમ પ્રગટે?–કે આત્માને જાણવાથી પ્રગટે. પોતાને જાણવાનું છોડીને બહારના જાણપણામાં જાય છે ત્યાં દાહ થાય છે. પ્રભુ, તને જાણવાથી સુખ થશે, પરને જાણવાથી દુઃખ થશે. જેનું જ્ઞાન છે તેને જાણવાથી સુખ થશે. તારા જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ–પર પ્રકાશક છે તેથી તારી પર્યાયમાં આત્મા ત્રિકાળી ભગવાન વસ્તુ જણાય છે, પણ ત્યાં જોતો નથી ને પરજ્ઞેય જણાય છે એમ જોવે છે માટે પર્યાયના ધર્મથી વિપરીત તેં જાણ્યુ એટલે તને આત્મા જણાતો નથી.

સ્વભાવનું સામર્થ્ય તને નજરમાં આવ્યું નથી ને દરિદ્રપણું તને નજરમાં આવ્યું છે. શાસ્ત્રનું ગમે તેટલું જાણપણું કરવાથી પણ આત્માનું સુખ નહીં થાય. આત્મા કોણ છે તે જાણવાથી તને સુખ થશે કારણકે તેમાં સુખ છે. પરમાં સુખ નથી તેથી પરને જાણવાથી દુઃખ થશે. રાગથી તો દુઃખ થશે પણ પરના જાણવાથી પણ દુઃખ થશે. કેમ કે પર પ્રકાશકજ્ઞાન ક્યારે સાચું થયું કહેવાય?–કે સ્વપ્રકાશક જ્ઞાન પ્રગટે ત્યારે. સ્વપ્રકાશક વિનાના એકલા પરપ્રકાશક જ્ઞાનથી દુઃખ થશે. રાગ તો બંધનું કારણ છે પણ ધર્મી પરપ્રકાશક જ્ઞાનને પણ મોક્ષમાર્ગ માનતા નથી.

જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય જણાય છે પણ તેના તરફ તેં દ્રષ્ટિ કરી નથી, ત્યાં દ્રષ્ટિ કરીને તને જાણ તો તને સુખ થશે. પર તરફના વલણવાળા જ્ઞાનથી દુઃખ થશે કેમ કે તે પરના લક્ષે થાય છે. સ્વપ્રકાશક જ્ઞાન થયા પછી જ્ઞાન પરને જાણે તો તે દુઃખરૂપ નથી, કેમ કે એ તો પોતાની પર્યાય છે તે પરના લીધે પરપ્રકાશક નથી. જેને સ્વસત્તાનું અવલંબન આવ્યું છે તેને પરપ્રકાશકજ્ઞાન એ પોતાના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે એમ જાણે છે તેથી તેને તે દુઃખરૂપ નથી.

સંતો કહે છે કે પર તરફના ભોગોની ઇચ્છાથી તને શાંતિ નહીં થાય, માટે તું અધ્યાત્મમાં પ્રીતિ કર, તેમાં સ્વાધીનતા છે, તેમાં કોઈની જરૂર નથી. અધ્યાત્મમાં પ્રીતિ કરવાથી સુખ થશે કેમ કે તે સ્વાધીન છે. સ્વ પોતે જ છે તેને આધીન થવામાં પરના

આશ્રયની અપેક્ષા શું! માટે સ્વને જાણવો તે સ્વાધીન છે. તેમાં કોઈ વિઘ્ન નથી. કર્મની પણ તાકાત નથી કે તને પોતાને જાણવામાં તે વિઘ્ન કરે જ્યારે ભોગની વાંછા તો પરાધીન છે, તેનાથી તને દુઃખ થશે. વળી ભોગોથી કદીયે તૃપ્તિ નથી. જેમ અગ્નિમાં ગમે તેટલા ઇંધન નાખવામાં આવે તોપણ અગ્નિ તૃપ્ત–શાંત થતી નથી પરંતુ વધુને વધુ પ્રજ્વલિત થાય છે. જેમ દરિયામાં સેંકડો નદી ઠલવાય છતાં પણ દરિયો તૃપ્ત થતો નથી. તેમ ભોગોથી તને કદીયે તૃપ્તિ થઈ શકતી નથી. સ્વર્ગના વિપુલ ભોગો અનંતવાર ભોગવ્યા છતાં તારી તૃષ્ણા મટી નથી. માટે અધ્યાત્મમાં પ્રીતિ કર તો તને તૃપ્તિ થશે.

જેમ દૂધ ને પાણી ભેગા હોય તેને હંસ પોતાની ચાંચની ખટાશ વડે જુદા કરી લ્યે છે તેમ હે જીવ! ભેદજ્ઞાનરૂપી ખટાશ વડે તું સ્વ–પરને ભિન્ન કરી લે. એજ કરવાનું છે. સ્વ સ્વરૂપનો સ્વામી થઈને તેમાં રહેવું તે જ કરવા જેવું છે. જિંદગીની એક–એક પળ આત્માને સાધવા માટે છે, તેને ભોગાદિ સંસારના કાર્યમાં વેડફી ન નખાય. આ ભવ છે તે ભવના અભાવ માટે છે ભવને વધારવા માટે નથી.

ભૂખ્યો માણસ મિષ્ટ ભોજનથી તૃપ્તિ પામે તેમ આત્મામાં જવાથી તને તૃપ્તિ થશે, બહારમાં ગમે તેટલા ભોગો ભોગવીશ પણ તને તૃપ્તિ નહીં થાય. પ્રભુ, તું આનંદ સ્વરૂપ આત્મા છો, તેને જાણવાથી તને આનંદનો મીણો ચઢી જશે, તે તૃપ્તિનું કારણ છે. માટે આત્મામાં ઠરીને–વીતરાગ સ્વભાવમાં ઠરીને તેની ભાવના કરવી તે સુખનો ઉપાય છે. ભાઈ, તને તારી ખબર નથી. તું અનંત ગુણના પાસાવાળો ચૈતન્યહીરો છો, ત્યાં તારી યુક્તિ અજમાવ ને!–તેને જાણવામાં એકાગ્રતા કર ને! શ્રી સમયસાર ગાથા ૨૦૬ માં પણ એમ કહ્યું છે કે તને ત્યાં સુખ થશે, સંતોષ થશે ને તૃપ્તિ થશે. નિજ સ્વરૂપની ભાવના કરવી જોઈએ કેમ કે રાગથી તને તૃપ્તિ નહીં થાય.

સ્વ–વિષયને છોડીને પર વિષયોથી તને કદી સુખ નહીં થાય, તૃપ્તિ નહીં થાય. પાંચ–ઇન્દ્રિયના વિષય–સુખને છોડી ને ભગવાન આનંદ સ્વરૂપ છે એમ જાણીને તેમાં ઠરવું તે અધ્યાત્મ–સુખનું સેવન છે. તેનાથી તને સુખ થશે માટે તું અધ્યાત્મસુખનું સેવન કર. મિથ્યાત્વકષાય આદિ બાહ્ય પદાર્થોનો સહારો છોડીને–રાગથી માંડીને પર પદાર્થની દ્રષ્ટિ છોડીને નિજ આત્માનું અવલંબન લેવાથી તને અવિનાશી સુખની પ્રાપ્તિ થશે.

## * પરમાત્મપ્રકાશના વૈરાગ્ય પ્રેરક પ્રવચનોની પ્રસાદી *

### * મનને કર વશ ને સ્વમાં જલ્દી વસ *

આ આત્મા પરમાત્મસ્વરૂપ છે, તેના તરફ વળવા માટે પાંચ-ઇન્દ્રિય તરફના વલણને છોડ. પાંચ-ઇન્દ્રિયનો સ્વામી મન છે, તે પર તરફ જાય છે, તેને ત્યાંથી છોડ ને અંતર્મુખ જોડ. પરના વિકલ્પો બંધ કરીને પોતાનો આત્મા જે અબદ્ધસ્પૃષ્ટ છે તેને અંતરમાં વિકલ્પ રહિત થઈને દેખવો તેમ જૈનશાસનમાં કહ્યું છે. આ શાસ્ત્ર પરમાત્મ પ્રકાશ છે ને! માટે પરમાત્માને દેખવો તે જૈનશાસન છે. મનને વશમાં કરીને આત્મા જ્ઞાયક અબદ્ધસ્પૃષ્ટ તરફ જા, તને આત્મા પ્રાપ્ત થશે.

તું મનને વશ કરી લે, કેમ કે મનને વશ કરતાં પર તરફના સંકલ્પ-વિકલ્પ બંધ થઈ જવાથી પાંચે ઇન્દ્રિય વશમાં આવી જશે. શુભ અશુભ વિકલ્પને વશ કર એટલે કે તું તેને તાબે ન થા. જેથી પાંચે ઇન્દ્રિય તને વશ થશે અને તારું જોડાણ અંતર્મુખ થશે. પર તરફના સંકલ્પ વિકલ્પ તો અનાદિથી કરતો આવ્યો છો, હવે તારે કાંઈ નવું કરવું છે કે નહીં ?-માટે પર તરફના વિકલ્પોને વશ કર એટલે કે પર તરફથી ખસી જા.

બાપુ! પર તરફના જોડાણથી મરવા ટાણે તને ભીંસ પડી જશે ને પર તરફના જોડાણથી છૂટીને અંતર્મુખ જોડાણથી તને આનંદ થશે. પર તરફના વિકલ્પને છોડી અંતર્મુખ વલણ કર તો તને આત્મા મળશે, એ જ કરવા જેવું છે. પર તરફનું મનનું વલણ તો ભગવાન આત્માથી વિરુધ્ધ છે, તથા ભોગોની વાંછારૂપ અનેક વિકલ્પજાળમય મન છે. તેથી હું તો રાગથી ભિન્ન ભગવાન આત્મા છું-એવી નિજ શુદ્ધાત્માની ભાવનારૂપી અંકૂશ વડે ચંચળમનરૂપી હાથીને વશ કર.

વિષયોને વશ થઈને રાગમાં ઝંપલાવે છો પણ તેમાં તને નુકશાન છે. માટે એકવાર નિજ શુદ્ધાત્મામાં ઝંપલાવ. એકવાર કોઈપણ રીતે મનને વશ કરીને નિજ શુદ્ધાત્મામાં ઝૂકાવ. પર તરફના ભાવને છોડ, તેમાં ઉદાસ ન થવું કે જેમ થવું હોય તેમ થશે. જગતથી ઉદાસ થવું પણ પર તરફના વિકલ્પને છોડવામાં ઉદાસ ન થવું. સ્વસન્મુખ થવાના ઉપાયથી ઉદાસ ન થા, મૌજુદ વસ્તુને પામવાના ઉપાયથી ઉદાસ ન થા, એકવાર જગતથી ઉદાસ થઈને મનને વશ કરીને નિજ શુદ્ધાત્માનું વલણ કરવા ઉદ્યમી થા.

## * હવે તો વિષયોથી પાછો વળ ! *

હે જીવ ! વિષયોમાં લીન થઈને અનંતકાળ ભટક્યો અને હજી પણ વિષયમાં આસક્ત છો તો તારે હવે કેટલો કાળ ભટકવું છે ? પ્રભુ, તારે શું કરવું છે ? પાંચ ઇન્દ્રિયના વલણમાં તું ૮૪ લાખ યોનિમાં અનંતકાળ ભટક્યો પણ સ્વ એવા પૂર્ણાનંદ ભગવાનને તેં ધ્યાનમાં વિષય ન બનાવ્યો. પાંચ–ઇન્દ્રિયના વિષયમાં રોકાઈને અનંતકાળ રખડયો છે અને હજી પણ તું વિષયોમાં આસક્ત છે, તો તારે હવે કેટલો કાળ ભટકવું છે. ભાઈ ! હવે તો શિવસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ કર. પર તરફના વિષયોમાં ઘણો કાળ આસક્ત રહ્યો, હવે તો શિવસંગમ કર–નિજ શુદ્ધાત્માનો અનુભવ કર. આ એક જ મોક્ષનો ઉપાય છે. વીતરાગસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ કર તને જરૂર અલ્પકાળમાં મોક્ષ પ્રાપ્ત થશે. અંતર આત્મામાં જ્ઞાનના તેજ પ્રગટ થતાં તને પર્યાયમાં ચૈતન્ય ઝળહળ જ્યોતિસ્વરૂપ કેવળજ્ઞાન પ્રગટ થશે.

## * હે ભાઈ ! સુખી થવું હોય તો નિજ ઘરમાં આવ. *

હે મુનિવર ! શિવસંગમ છોડીને બહારના વિકલ્પમાં તું ન જા, તને દુઃખ થશે. જેમાં નિરુપદ્રવપણું ભર્યું છે એવા શિવસ્વરૂપ તારા નિજ શુદ્ધાત્માને છોડીને બીજે ક્યાંય ન જા. વીતરાગમૂર્તિ આનંદકંદ પ્રભુ એવો શિવસ્વરૂપી તું છો, તેને છોડીને તું ક્યાંય ન જા. જે શિવસંગમમાં–નિજભાવમાં લીન થતા નથી ને પરભાવમાં જાય છે–ચાહે તો શુભભાવ હોય–તે બધા દુઃખને સહે છે. આનંદસ્વરૂપ ભગવાનનો પરિચય છોડીને બહારમાં ન જા. ભગવાન આનંદસ્વરૂપે તું છો, પરમાત્મતત્ત્વ છો, તેનો સંગ છોડીને અમારી સામે ન જો એમ ભગવાન કહે છે. અંદરમાં જાય તે સુખી છે ને બહાર જાય તે દુઃખી છે એમ હે શિષ્ય તું જાણ !

આનંદના નાથના ઘરમાંથી નીકળીને નાથ તારે બહાર ક્યાં જવું છે ? અનંતસ્વભાવપણું અંદર પડયું છે ત્યાં જા. જે કોઈ બહારમાં જાય છે તે દુઃખી છે તેમ તું દેખ. અમૃતસાગરમાં જા, ત્યાંથી બહાર નીકળીશ તો દુઃખી થઈશ, અતીન્દ્રિય આનંદનું ઢીમ અંદર પડયું છે, અતીન્દ્રિય આનંદની ભેલી તું છો, તેને ચૂસને ? બહાર ક્યાં ધૂળ ખાવા જા છો ? તારા સ્વભાવમાં અનંતા સિદ્ધ પડયા છે–અનંતી સિદ્ધની પર્યાય પડી છે, પંચપરમેષ્ઠી સ્વરૂપ તું છો, પણ વર્તમાન એક સમયની પર્યાયમાં રુચિ છે તેથી તેની પાછળ પ્રગટ ભગવાન બિરાજે છે તેને દેખતો નથી.

ભવસિંધુને તરવાનો પ્રત્યક્ષ ઉપાય આત્મકલ્યાણ છે. ભાઈ ! તું જીવતી–જ્યોત છો પણ તેનો તેં અનાદર કર્યો છે. હવે એકવાર તો ત્યાં જા. અજ્ઞાનને પડખે અનાદિથી સૂતો

છો તો હવે પડખું તો બદલ, આનંદનો નાથ ત્યાં મળશે.

શુભભાવમાં રહેનારો તે દુઃખી છે ને ધ્યાનમાં રહેનારો તે સુખી છે એમ તું દેખ. જ્યાં તારું ઘર છે ત્યાં જા, બહારમાં જવું તે વ્યભિચાર છે. અમૃતનો પ્રભુ તું છો એને ઘૂંટીને–એકાગ્ર થઈને રાગનું ઝેર કાઢી નાખ. જે કોઈ અજ્ઞાની નિજભાવમાં લીન નથી રહેતા તેઓ આકૂળતા સહે છે તેમ જાણ. ધર્માત્મા પણ વિકલ્પમાં આવે છે ત્યારે તેમને આકૂળતા છે તેમ જાણ. જેઓ વિષય–કષાયને વશ થઈને નિજભાવમાં લીન નથી રહેતા તેઓ આકૂળતા સહન કરે છે તેમ જો, પણ સુખી છે તેમ ન જો. સંસારી જીવ બધાય દુઃખી છે, સ્વર્ગના દેવ પણ દુઃખી છે ને કરોડપતિ શેઠીયો પણ દુઃખી છે; કોઈ સુખી નથી એક શિવપદ જ પરમાનંદનું ધામ છે માટે તારા શિવસ્વરૂપને છોડીને તું બહારમાં ક્યાંય ન જા.

## * ગૃહવાસને છોડ ને નિજ ગૃહમાં વસ *

ચારિત્રનો વેરી ગૃહવાસ છે તે વાત કહેતા મુનિરાજ કહે છે કે હે જીવ! સ્ત્રીનો સંગ ને પરિચય પાપનો વાસ છે, તેને લઈ ને આ બધો ગૃહવાસ ઉભો થાય છે. ભગવાન નિવૃત્ત સ્વરૂપમાં આ બધી પ્રવૃત્તિ! ! અરે, સ્ત્રી છે તે મારી એ માન્યતા જ વિપરીત છે. ગૃહવાસ છે તે જેલ છે. સ્વરૂપના અનુભવ પૂર્વક અતીન્દ્રિય આનંદના ભોગવટામાં સ્ત્રી, ગૃહવાસ જેલખાનું છે, તેમાં રાગ થતાં આનંદનો ભોગવટો નહીં થઈ શકે.

અજ્ઞાની જીવોને બંધનમાં નાખવા યમરાજાએ સ્ત્રી અને ગૃહવાસરૂપી મજબૂત જેલ રચી છે. સ્ત્રી એ ઘરનું મૂળ છે. સ્ત્રી બંધનું કારણ નથી પણ સ્ત્રી પ્રત્યેનો મોહ છે તે બંધનું કારણ છે. બીજી રીતે રાગની પરિણતિ તે સ્ત્રીનું ઘર છે–ગૃહવાસ છે. બાપુ! જગતની પ્રત્યેક ચીજના મોહ તે મહાપાપ છે. રાગવાળો પોતાને માનવો તે જૂઠું છે, તો સ્ત્રીવાળો પોતાને માનવો મહાજૂઠું છે. રાગને પોતાનો માનવો તે વ્યભિચાર છે તો સ્ત્રી એ તો પર પદાર્થ છે, તેના મોહમાં ફસાય તે ફાંસામાં ફસાયો છે.

બાપુ! તું અનંત આનંદનો નાથ છો, રાગનો રાગ છે તે આનંદમાં ઘા મારે છે. ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી મુખ્ય છે, જેણે તેની મમતા છોડી છે તેણે ગૃહનો ત્યાગ કર્યો છે. તાત્પર્ય એ છે કે શુદ્ધાત્માની ભાવનાથી વિમુખ જે સ્ત્રી સંબંધીનું લક્ષ તે વિષય–કષાય છે, તેનાથી આકૂળતા રહે છે. માટે સ્ત્રી ને ઘરની મમતા છોડીને એક શુદ્ધાત્માની ભાવના કરવી.

## * નિર્ગુણ શરીરના નિમિત્તે જ્ઞાનાદિ ગુણોની સિદ્ધિ કર *

અરેરે! શરીરને તેં શણગાર્યું, સારો સારો આહાર આદિ દીધા પણ તારો તે

બધો પ્રયત્ન વ્યર્થ ગયો. અરે! તારી સર્વે મહેનત નિષ્ફળ ગઈ. જેમ દુર્જન પ્રત્યે ઉપકાર વૃથા છે તેમ આ શરીરની સંભાળ વૃથા છે. જેમ દુર્જન પર અનેક ઉપકાર કરો પણ કાંઈ ફાયદો નથી તેમ આ શરીરને તેલ–માલીશ કરો, ભાતભાતના ભોજન કરાવો ને નિત્યનવો શ્રૃંગાર કરો તોપણ આ શરીર કદી તારું થયું નથી. તેથી આ કાયાને બહુ પુષ્ટ બનાવવા કરતાં જરૂર પુરતો થોડો આહાર આદિ આપીને મોક્ષ સાધી લેવો તે સાર છે. આ ક્ષણભંગુર અને અસાર એવા શરીરથી, સ્થિર એવા મોક્ષપદને સાધી લેવું તે સાર છે.

જે કુટુંબીઓ માટે તું હોંશે હોંશે કાળ ગુમાવી રહ્યો છે, જે કુટુંબીઓને સગવડતા આપવા તું પૈસાદિમાં કાળ ગુમાવી રહ્યો છે તે જ કુટુંબીઓ તારા મરણ પછી શરીરને મકાનના બારસાખ સાથે અડવા પણ દેતા નથી, તો તું પર માટે આ ભવ કેમ વ્યર્થ ગુમાવી રહ્યો છે? અરે! તારે ક્યાં જવું છે? જેમ કોઈ મુસાફર ચાલ્યો જતો હોય અને રસ્તામાં જે કાંઈ આવે તેને મારું માની લે, તેમ તું મુસાફર છો અને આ સ્ત્રી–પુત્ર મારા, શરીર મારું એમ મારું મારું માની રહ્યો છે, પણ પ્રભુ! તારે અહીંથી ચાલી નીકળવાનું છે ને બાપુ! આ પરને મારા મારા કાં કહે છો?

ભાઈ, તું ક્યાં રોકાણો? જે કરવાનું છે તે કરતો નથી ને બહારમાં કેમ રોકાયો છો? સાત ધાતુના બનેલા અપવિત્ર શરીરમાં ક્યાં ખોવાયો? શુદ્ધાત્માની આરાધના કરી લે. ગમે તેટલી સારી સારી વાનગીઓ આ શરીરને ખવરાવો તો પણ વિષ્ટા જ બનશે. દુર્જન સમાન નિર્ગુણ એવા આ શરીરના નિમિત્તે મોક્ષમાર્ગની સાધના કર કે જેથી આ દિવ્યશક્તિમાન શરીરરૂપી ઝંઝીરથી નીકળે.

ભગવાન, આ શરીર ભોગ માટે નથી, યોગ માટે છે, અંતરમાં એકાગ્રતા કરવા માટે છે. આ ક્ષણભંગુર નાશવાન શરીરના નિમિત્તે સાદી અનંત સ્થિર અવિનાશી એવા મોક્ષપદની સાધના કર. આ શરીર મલિન છે તેના નિમિત્તે નિર્મળ વીતરાગીપદની સિદ્ધિ કર. આ શરીર જ્ઞાનાદિ ગુણ રહિત નિર્ગુણ છે, તેના નિમિત્તે જ્ઞાનાદિ ગુણની સિદ્ધિ કરી લેવા જેવું છે. તેથી મુનિરાજ કહે છે કે અનિત્યને નિત્યનું સાધન કર. મલિન ને પવિત્રનું સાધન કર.

## * બાપુ! તારે આત્મકલ્યાણ કરવું હોય તો આ શરીરની મમતા છોડ *

હે યોગી! જેમ સેંકડો છિદ્રોવાળું નરકઘર છે તેમ આ શરીર સેંકડો છિદ્રોવાળું ને મળમૂત્રાદિથી ભરેલું છે. ભગવાન છિદ્ર રહિત છે અને શરીર છિદ્ર સહિત છે. શરીર મળ–મૂત્રાદિથી ભરેલું અપવિત્ર છે અને આત્મા પવિત્ર ગુણોથી ભરેલો છે. દુનિયામાં એવું

કોઈ મશીન નથી કે મેસુબ, પકવાન આદિ મિષ્ટાન તેમાં નાખતાં વિષ્ટા થઈને નીકળે, પરંતુ આ શરીર એવું મશીન છે કે તેમાં મિષ્ટાન નાખતાં ૪–૬ કલાકમાં વિષ્ટા થઈને નીકળે છે. વિષ્ટા, પેશાબ, વીર્ય, પરુ આદિ અશુચિ ઝરે એવા અનેક છિદ્રોવાળું આ શરીર છે. જેમ નરકઘર સેંકડો છિદ્રોવાળું હોય છે કે જેમાં નારકી ઉત્પન્ન થાય છે તેમ આ શરીર નરકરૂપી ઘર છે, માટે તેનાથી ઉદાસ થઈ જા, તેની મમતા છોડી દે.

તું કેવો છો ?–કે જન્મ–મરણાદિ છિદ્રથી રહિત છો અને ભાવકર્મના મેલથી રહિત છો. દ્રવ્યકર્મથી રહિત છો તથા નોકર્મ–શરીરાદિથી રહિત છો, એ રીતે તારો ને શરીરનો ભેદ જાણીને તેનું મમત્વ છોડ. બાપુ! તારે તારા આત્માનું કલ્યાણ કરવું હોય તો તું શરીરની મમતા છોડી દે. ભગવાન શુદ્ધાત્મા ભાવકર્મ આદિ સર્વથી રહિત છે ને શરીર મળમૂત્રાદિથી ભરેલું છે એમ બેનો ભેદ જાણીને પર તરફની મમતા છોડીને, આનંદસ્વરૂપ પ્રભુની નિર્વિકારી શાંતિમાં ઠરીને તેમાં એકાગ્ર થવું એ એક જ આત્મકલ્યાણનો ઉપાય છે. રાગના વિકલ્પમાં રહીને રાગ રહિત છું એમ કર્યા કરવું તે આત્મભાવના નથી. નિર્વિકલ્પ સમાધિ દ્વારા આત્મામાં ઠરવું તે આત્મભાવના છે, એ જ નિરંતર કરવા યોગ્ય છે.

### જેનાથી પાપ ઉત્પન્ન થાય છે ને જે પાપરૂપ છે એવા શરીરનું મમત્વ છોડ !

ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે ને શરીર વેદનાની મૂર્તિ છે, ભગવાન મહા પવિત્ર સ્વરૂપ છે ને શરીર અશુચિ સ્વરૂપ છે, તેમ જાણીને શરીરની મમતા છોડવી ને આત્માની ભાવના કરવી એ કરવા જેવું છે. પ્રભુ ! તું વેદનાની મૂર્તિનો પ્રેમ છોડી દે. ત્રણ લોકના જે દુઃખ છે, ત્રણ લોકના જે પાપ છે તથા ત્રણ લોકની જે અશુચિ છે તેને ભેગા કરીને કર્મવેરીએ આ શરીર બનાવ્યું છે, માટે તું તેની પ્રીતિ છોડ.

એક મીઠો કોળિયો મોઢામાં જાય ત્યાં રાજીરાજી થઈ જાય તેને પોતાનો આત્મા આનંદથી ભરેલો છે તે વાત ક્યાંથી બેસે ? બાપુ ! સિંહના મોઢામાં હાથ નાખવો કે સર્પના મોઢામાં આંગળી નાખવી તેના જેવું કાર્ય આ ભવ ધારણો કરવો તે છે પણ પ્રભુ ! તને આ થયું છે શું ? સમ્યગ્દર્શન ન થાય તો ટળવળવાને બદલે દિકરો ન થાય તો ટળવળે, અન્ય સામગ્રી મેળવવા ટળવળે. અરેરે, મુસાફર ! તું કઈ ચીજને દેખીને મારી માને છો ? અહીં તો મુનિરાજ શરીરનું પણ મમત્વ છોડાવે ને તું પરને મારું–મારું કરે છે તે તને આ થયું છે શું ? ભાઈ ! આ શરીર તો દુઃખનું ઘર છે ત્યાં પ્રેમ છે અને તારું નિજઘર પરમાત્મસ્વરૂપ છે ત્યાં પ્રેમ નથી, આ તે કેવી દુશ્મનાવટ ?

કર્મશત્રુએ ત્રણ લોકમાં જેટલા પાપ છે તેનાથી શરીર બનાવ્યું છે તેથી શરીર પાપરૂપ છે, અને તેનાથી પાપ ઉત્પન્ન થાય છે, અને ભગવાન ચિદાનંદ ચિદ્રૂપ મહા પવિત્ર છે. એ રીતે આત્મા અને દેહની ભિન્નતા જાણીને નિરંતર આત્માની ભાવના કરવી.

* *

જાણનારને જાણવાની પર્યાયમાં................ [ ટાઈટલ ૨ થી ચાલુ ]

–કે આ રાગ છે તેને એમ માને છે કે આ જિનપ્રતિમા છે, ને જિનપ્રતિમાને જાણતાં એમ માને છે કે આ રાગ છે? પરને જેમ છે તેમ જાણે છે. હવે પરને જેમ છે તેમ જાણતું જ્ઞાન પર વસ્તુનું નથી પણ પોતાની પર્યાયનું જ્ઞાન છે, તે પરને તેના અસ્તિત્વથી જાણે છે તો તે જ્ઞાનની પર્યાય જેની છે તેના અસ્તિત્વથી તેનો નિર્ણય કેમ ન કરી શકે?

જે તારી જ્ઞાનદશા પરને જાણવાનું પ્રત્યક્ષ કરે છે, તો એ જ્ઞાન સ્વને જાણવામાં સ્વ પ્રત્યક્ષ ન થાય એમ કેમ બને? જેને પરને જાણવાની તાકાત છે, જે જ્ઞાનની પર્યાય પરને પ્રત્યક્ષ કરીને જાણે છે તે જ્ઞાન સ્વને પ્રત્યક્ષ કરીને કેમ ન જાણે? તારી શક્તિ, તારો સ્વભાવ સ્વ–પર પ્રકાશક છે, તો પર્યાયમાં પણ સ્વ–પર પ્રકાશકપણું છે કે નહીં? પરને પ્રકાશવું પ્રત્યક્ષ દેખાય છે તો ત્રિકાળી જ્ઞાયક છું એમ સ્વનો નિર્ણય કેમ ન કરી શકે? તારી જ્ઞાનદશામાં એકલું પર પ્રત્યક્ષ થાય છે તે તો એકાંત થયું, કેમ કે જ્ઞાનનો સ્વભાવ તો સ્વ–પર પ્રકાશક છે. ખરેખર તો સ્વને જાણવું એવો ગુણ છે અને સાથે પર જણાય જાય છે. શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૧૭–૧૮ માં કહ્યું છે કે જ્ઞાનની વર્તમાન પર્યાય છે તેમાં જ્ઞાયક જાણવામાં આવે છે પણ આ પર્યાય જ્ઞાયકને જાણે છે એવી દ્રષ્ટિ નથી; પણ તે પર્યાય પરને જાણે છે એવી દ્રષ્ટિ છે, ઘટ–પટ–સ્ત્રી–કુટુંબ –વેપાર–ધંધાને પર્યાય જાણે છે ત્યાં તેને દ્રષ્ટિ છે, તે જૂઠી દ્રષ્ટિ છે, તેમાં પર ઉપર લક્ષ જાય છે તેથી જ્ઞાયક જણાતો નથી. જગતની સ્થૂળ વસ્તુ તથા સ્થૂળ એવા શુભાશુભ ભાવોને, તેમાં એકમેક થયા વિના, જેમ છે તેમ જાણવામાં જે સૂક્ષ્મજ્ઞાન ‘પરનું અસ્તિત્વ છે’ તેમ જાણે છે, તો તે જ્ઞાનની પર્યાય સ્વને જાણવામાં સ્વનું અસ્તિત્વ કેમ ન જાણી શકે? પરનું, રાગાદિનું જ્ઞાન કરે છે તે જ જ્ઞાનની પર્યાય પોતાનું જ્ઞાન કરી શકે તેમાં શું છે! અર્થાત્ કરી જ શકે. ભગવાન આત્મા પોતાના પુરુષાર્થથી જ્ઞાનને ને પરને જાણે છે, કેમ કે સાથે વીર્ય શક્તિ છે. જ્ઞાનમાં પરને જાણવાની સહજ શક્તિ છે, તો એ જેની પર્યાય છે તેને જાણવાની તો સહજ શક્તિ જ છે. પરંતુ પરનું જાણવું સહેલું છે ને સ્વનું જાણવું કઠિન છે તેમ તે માને છે. પરને જાણવાવાળની પર્યાય પરને પ્રત્યક્ષ કરે છે કે આ છે છે છે, તો તે પર્યાય પોતાના અસ્તિત્વને પ્રત્યક્ષ કેમ ન કરી શકે?–જરૂર કરી શકે, પણ સ્વનું મહાત્મ્ય આવવું જોઈએ, થોડું વિચાર–મંથન કરવું જોઈએ. [ તા. ૧૬–૨–૭૭ ના પ્રવચનમાંથી ]

# જ્ઞાન....ન....ગો....ષ્ઠી

પ્રશ્ન: –એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી, અડતું નથી, ચુંબતું નથી તેથી સમયસાર ગાથા ૩ માં કહ્યું છે કે આત્મા શરીરને તેમજ એક શરીર બીજાના શરીરને અડતા નથી. જીવ ખોરાકને લઈ શકતો નથી. ભાષા બોલી શકતો નથી. પર વસ્તુ ચોરી શકાતી નથી. ધન–ધાન્ય આદિ ગ્રહણ કરી શકાતા નથી તો મુનિઓ હિંસા–જૂઠ –ચોરી–અબ્રહ્મ ને પરિગ્રહનો ત્યાગ શા માટે કરે છે?

ઉત્તર: –ભાઈ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું કે અડતું નથી તે તો મહાસિદ્ધાંત છે. વસ્તુસ્થિતિ એમ જ છે. એક દ્રવ્ય બીજા જીવ કે પુદ્ગલદ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી અને અન્ય દ્રવ્યની ક્રિયાથી જીવને બંધ પણ થતો જ નથી, પરંતુ ત્યાં વિશેષ એ છે કે પરદ્રવ્યના લક્ષે થતાં રાગાદિ ભાવો જીવને બંધનું કારણ થતાં હોવાથી હિંસાદિ પોતાના પાપ ભાવોનો મુનિ ત્યાગ કરે છે તેથી તે રાગાદિ પાપ ભાવોના ત્યાગના નિમિત્તભૂત બાહ્ય હિંસાદિ પરદ્રવ્યોની ક્રિયાનો ત્યાગ કર્યો તેમ ઉપચારથી કહેવાય છે.

પ્રશ્ન: –બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી તો બાહ્ય વસ્તુના સંગનો નિષેધ શા માટે કરવામાં આવે છે?

ઉત્તર: –અધ્યવસાયના નિષેધ અર્થે બાહ્ય વસ્તુનો નિષેધ કરવામાં આવે છે. બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી, બંધનું કારણ તો જીવના પરિણામ જ છે, પણ બાહ્ય વસ્તુના આશ્રયે અધ્યવસાન થાય છે તેથી અધ્યવસાન છોડાવવા અર્થે તેના આશ્રયભૂત બાહ્ય વસ્તુનો નિષેધ કરવામાં આવે છે. બાહ્ય વસ્તુના આશ્રય વિના અધ્યવસાન થતા નથી તેથી અધ્યવસાનના ત્યાગ અર્થે બાહ્ય વસ્તુના સંગનો નિષેધ કરવામાં આવે છે, બાહ્ય વસ્તુનું લક્ષ છોડાવવામાં આવે છે.

પ્રશ્ન: –એક બાજુ કહે છે કે સમ્યગ્દ્રષ્ટિ પરદ્રવ્યને ભોગવે છે છતાં બંધાતો નથી ને બીજી બાજુ કહેવાય છે કે પરદ્રવ્યને ભોગવી શકાતું નથી તો તેમાં સાચું શું સમજવું?

ઉત્તર: –જ્ઞાની કે અજ્ઞાની કોઈ પરદ્રવ્યને ભોગવી શકતું જ નથી પણ અજ્ઞાની માને છે કે હું પરદ્રવ્યને ભોગવું છું, તેથી અહીં અજ્ઞાનીની ભાષાથી એટલે કે વ્યવહારથી વાત કરીને કહ્યું કે જ્ઞાની પરદ્રવ્યને ભોગવવા છતાં બંધાતો નથી, કેમ કે જ્ઞાનીને

રાગમાં એકત્વબુદ્ધિ નથી તેથી પરદ્રવ્યની ક્રિયા થવા છતાં બંધ થતો નથી તેમ કહે છે.

* જ્ઞાનીને ચેતન દ્રવ્યનો ઘાત થવા છતાં બંધન નથી તેમ કહ્યું તેથી એમ ન માનવું કે સ્વછંદી થઈને પરજીવનો ઘાત કરવામાં વાંધો નથી! અહીં તો એવો આશય છે કે જેને રાગમાં રુચિ છૂટી ગઈ છે, આત્માના આનંદનું ભાન ને વેદન વર્તે છે છતાં અલ્પ નબળાઈથી રાગ આવી જાય છે ને ચારિત્રદોષના નિમિત્તથી ચેતનનો ઘાત થઈ જતા અલ્પ બંધ થાય છે તેને ગૌણ કરીને જ્ઞાનીને બંધ નથી તેમ કહ્યું છે. પરંતુ જેને રાગમાં રુચિ પડે છે ને પરદ્રવ્યને હું મારી શકું છું, પરદ્રવ્યને હું ભોગવી શકું છું એવી રુચિ પૂર્વકનો જ્યાં ભાવ છે ત્યાં રાગમાં એકત્વબુદ્ધિ થવાથી હિંસાકૃત બંધ જરૂર થાય છે.

* જે પરિણામ પર સન્મુખ થઈને થાય છે તેને એકત્વબુદ્ધિની અપેક્ષાથી અધ્યવસાન કહીને બંધનું કારણ કહ્યું છે. જે પરિણામ પર સાથે એકત્વ થયા વિના રાગના થાય તે અધ્યવસાન કહેવાય પણ તેને મિથ્યાત્વનો બંધ કહેતો નથી, અલ્પ રાગનો બંધ થાય તેને ગૌણ કરીને બંધ નથી તેમ કહેવાય છે અને જે પરિણામ સ્વભાવ સન્મુખના થાય તેને સ્વભાવની સાથે એકત્વરૂપ થવાથી અધ્યવસાન કહેવાય અને તે અધ્યવસાનને મોક્ષનું કારણ કહેવાય છે.

* દેવનું સ્વરૂપ, ગુરુનું સ્વરૂપ, શાસ્ત્રનું સ્વરૂપ, ધર્મનું સ્વરૂપ વાસ્તવિકપણે સમજે તેને સમ્યગ્દર્શન થાય જ. આવા સંસ્કાર લઈને કદાચ બીજા ભવમાં જાય તો ત્યાં પણ આ સંસ્કાર તેને ફાલશે.

* અરે! સુંદર શરીર–ધન–વૈભવ આદિ જોઈને તને આકર્ષણ થાય, પણ ભાઈ! એ બધો તો પુદ્‌ગલનો ક્ષણભંગુર ઠાઠ છે. ત્રણલોકનો નાથ તું, એનો પ્રેમ છોડીને તને આ શું થયું પ્રભુ!–કે તને જડના આકર્ષણ થાય છે! અતીન્દ્રિય આનંદનો કંદ ભગવાન આત્મામાં એકવાર આકર્ષણ કર તો ઇન્દ્રના ઇન્દ્રાસન પણ તને સડેલા તૃણ જેવા લાગશે.

પ્રશ્નઃ –ધ્રુવદ્રવ્યથી પ્રમાણ મોટું છે કે નાનું?

ઉત્તરઃ –પ્રમાણમાં વ્યવહારનો નિષેધ આવતો નથી માટે તે પૂજ્ય નથી. ધ્રુવ છે તે આશ્રય યોગ્ય છે તેથી તે પૂજ્ય છે, તેથી મોટું છે. એકલો ત્રિકાળી ભગવાન દ્રષ્ટિમાં આવે છે તેથી તે પૂજ્ય છે ને મોટું છે.

પ્રશ્નઃ –દ્રષ્ટિના વિષયમાં વર્તમાન પર્યાય ભેગી આવે છે કે નહિ?

ઉત્તરઃ –દ્રષ્ટિના વિષયમાં એકલું ધ્રુવદ્રવ્ય જ આવે છે. પર્યાય તો દ્રવ્યનો વિષય કરે છે,

પણ પર્યાય ધ્રુવદ્રવ્યમાં ભેગી આવતી નથી કેમ કે તે વિષય કરનાર છે. વિષય અને વિષયી બે જુદા છે.

પ્રશ્નઃ –મુનિને આહારની વૃત્તિ ઊઠે છે છતાં મુનિદશા રહે છે, તેમ મુનિને વસ્ત્ર રાખવાની વૃત્તિ ઊઠે તો તેમાં શું દોષ છે?

ઉત્તરઃ –મુનિને આહારની વૃત્તિ ઊઠે છે તે સંયમના હેતુથી શરીરના નિભાવ માટે છે અને વસ્ત્ર રાખવાનો ભાવ છે તે શરીરનું મમત્વ બતાવે છે તેથી વસ્ત્ર રાખવાની વૃતિથી મુનિદશા રહેતી નથી

પ્રશ્નઃ –એક બાજુ દેહને ભગવાન આત્માનું દેવાલય કહેવાય ને બીજી બાજુ દેહને મૃતક કલેવર કહેવાય, તો ખરૂં શું?

ઉત્તરઃ –દેહ તો મૃતક કલેવર જ છે. એ સાચું જ છે પણ ભગવાન આત્માનો મહિમા બતાવતા, દેહમાં દેવાલયનો ઉપચાર કરીને પણ દેવનો મહિમાં કરવામાં આવે છે.

પ્રશ્નઃ –પર્યાયના ષટ્કારક સ્વતંત્ર છે, પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી છતાં એ પર્યાયને દ્રવ્ય સન્મુખ થવાનું?

ઉત્તરઃ –પર્યાયના ષટ્કારક સ્વતંત્ર છે. પર્યાયે દ્રવ્યને સ્પર્શતી નથી છતાં એ પર્યાયની સ્વતંત્રતાને દેખનારનું લક્ષ દ્રવ્ય ઉપર જ હોય છે.

પ્રશ્નઃ –પર્યાય સ્વતંત્ર જ છે તો પછી તેનું લક્ષ દ્રવ્ય ઉપર જ હોય એમ શા માટે?

ઉત્તરઃ –પર્યાયની સ્વતંત્રતા દેખનારનું લક્ષ દ્રવ્ય ઉપર જાય ત્યારે જ તેને સ્વતંત્રતા યથાર્થ બેસી શકે છે. પર તરફના લક્ષવાળાને સ્વતંત્રતા બેસે જ નહિ, અને પર્યાયની સ્વતંત્રતાના નિર્ણયનું પ્રયોજન પણ દ્રવ્ય સન્મુખ થવાથી જ સિદ્ધ થાય છે. દ્રવ્યસન્મુખ થવાના પ્રયોજનથી જ પર્યાયની સ્વતંત્રતા દેખાય છે.

પ્રશ્નઃ –પુરુષાર્થ કરવો અમારા હાથની વાત છે કે ક્રમબદ્ધમાં હોય ત્યારે થાય?

ઉત્તરઃ –પુરુષાર્થ કરવો તે પોતાના હાથની વાત છે પણ એ ક્રમબદ્ધનો નિર્ણય પુરુષાર્થને આધીન છે. ક્રમબદ્ધનો નિર્ણય સ્વસન્મુખના પુરુષાર્થ પૂર્વક જ થાય છે.

પ્રશ્નઃ –દ્રવ્ય–પર્યાયને જુદા સિદ્ધ કરવાનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ –ત્રિકાળી દ્રવ્ય અને પ્રગટ પર્યાય એ બન્ને ભિન્ન ભિન્ન ધર્મો અસ્તિરૂપ છે તે બન્ને ધર્મોનું પરસ્પર ભિન્ન અસ્તિપણું સિદ્ધ કરવાનું પ્રયોજન છે.

પ્રશ્નઃ –એકલા દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી નિશ્ચયાભાસી થઈ જાય?

ઉત્તરઃ –ના, દ્રવ્યાનુયોગના અભ્યાસથી નિશ્ચયાભાસી ન થાય પણ વ્યવહાર છે જ નહિ

તેમ નિષેધ કરે તો નિશ્ચયાભાસી થઈ જાય, એથી તો કહ્યું છે કે જેને નિશ્ચયનો અતિરેક હોય તેણે વ્યવહાર ગ્રહણ કરવો અને જેને વ્યવહારનો અતિરેક હોય તેણે નિશ્ચયને ગ્રહણ કરવો.

* ઉત્પાદ–વ્યય–ધ્રુવ એ ત્રણ અંશ છે એ પર્યાયના ભેદ છે તેમ પ્રવચનસારમાં કહ્યું છે.

પ્રશ્નઃ –તેમાં ધ્રુવ અંશ કહ્યો તે અને ત્રિકાળી ધ્રુવમાં શું ફેર છે?

ઉત્તરઃ –ધ્રુવ અંશ અને ત્રિકાળી ધ્રુવ તે બન્ને એક જ છે પણ ભેદની અપેક્ષાએ ત્રિકાળી ધ્રુવને અંશ કહ્યો છે, પણ છે તો તે અંશ ત્રિકાળી ધ્રુવ જ.

* અહો! ચારે બાજુથી સત્યના ભણકારા વાગે છે. સર્વજ્ઞના શાસ્ત્રો, સર્વજ્ઞના સંતો એણે સર્વજ્ઞનું સત્ય પ્રસિદ્ધ કર્યું છે. અહા! ચારે અનુયોગમાં નિશ્ચયથી તો વીતરાગતાની પુષ્ટિ કરી છે. ચારે અનુયોગનું તાત્પર્ય પણ વીતરાગતાં જ છે. સત્યને ચારે બાજુથી ઉપાડો, સત્ય જ સિદ્ધ થાય છે. સર્વજ્ઞથી ઉપાડો, ક્રમબદ્ધના સિદ્ધાંતથી ઉપાડો, બધી બાજુથી સત્ય જ સિદ્ધ થાય છે.

* આ સત્યના સંસ્કારવાળો જીવ કદાચિત તિર્યંચમાં જાય છે. તો ત્યાં પણ દેવ–ગુરુ–શાસ્ત્રના નિમિત્ત વિના પણ સમ્યક્ત્વ પામે છે. તત્ત્વ વિચારનો મહિમાં કરતાં શ્રી ટોડરમલજીએ આ વાત કરી છે કે તત્ત્વ વિચારવાળો દયા–દાન આદિની ક્રિયા વિના પણ તત્ત્વ વિચારના બળે સમકિત પામે છે.

* ત્રણલોકના નાથ જિનવરદેવે જે અધ્યાત્મ શાસ્ત્રો કહ્યાં છે તેમાં મિથ્યાદ્રષ્ટિનો પ્રથમ તો પ્રવેશ જ નથી અથવા પ્રવેશ કરે છે તો પણ વિપરીત સમજે છે, તે જીવ વ્યવહારને સર્વથા છોડીને ભ્રષ્ટ થાય છે અથવા નિશ્ચયને સારી રીતે સમજ્યા વિના, વ્યવહારની ક્રિયાઓથી જ મોક્ષ માને છે. પ્રથમ તો શુભ ભાવના જ ઠેકાણા ન હોય અને કદાચિત શુભ ભાવમાં આવે તો શુભ ભાવથી જ મોક્ષ માને છે. પરમાર્થ સ્વરૂપ ભગવાન આત્માના વિષયમાં મૂઢ રહે છે.

* અજ્ઞાનીને લાખો શ્લોકો કંઠસ્થ હોય ને લોકોને રાજી રાજી કરી દેતો હોય પણ રાગના અંધકારમાં વસ્તુ આખી રહી ગઈ છે. જેમ લાપસી રાંધવા મુકી હોય ને કાચા લાકડાના કારણે ધૂમાડાના ગોટેગોટા નીકળે તેમાં લાપસીનું આખું તપેલું દેખાતું નથી તેમ અજ્ઞાની રાગના ધૂમાડાને દેખે છે પણ અંદર ભગવાન આત્મા બિરાજે છે તેને દેખતો નથી.

* જેમ નોકર દુકાનનું બધું કામકાજ કરે છતાં તે શેઠ નથી, નોકર જ છે અને શેઠ દુકાનનું કાંઈ કામકાજ ન કરે છતાં તે માલિક છે. તેમ સમ્યગ્દ્રષ્ટિ વિષયોને સેવવા

છતાં, રાગની રુચિના અભાવથી વિષયોનો સેવનારો નથી અને અજ્ઞાની વિષયોને નહિ સેવતો હોવા છતાં રાગની રુચિને લઈને સેવક જ છે, વિષયોનો સેવનારો છે.

પ્રશ્નઃ –અશુભની અપેક્ષાએ શુભને ઠીક કહેવાય કે નહીં ?

ઉત્તરઃ –આત્માનું ભાન થયા પછી, શુભ–અશુભ ભાવ બંને બંધના કારણ છે તેમ જાણ્યા પછી, વ્યવહારે અશુભની અપેક્ષાએ શુભને ઠીક કહેવાય પણ તે જ્ઞાનીની અપેક્ષાએ વાત છે. ચરણાનુયોગમાં તો તીવ્ર કષાય ઘટાડવા માટે મંદ કષાય કરવો એમ પણ કહે, પણ અહીં અધ્યાત્મશાસ્ત્રમાં તો આત્મામાં રાગની ગંધજ નથી તે વાત છે. આત્મા વસ્તુએ તો ભગવાન સ્વરૂપ છે એને પડખે ચડીને જેણે એનો આશ્રય ન લીધો ને રાગના પડખે ચડીને રાગનો આશ્રય લીધો તે મિથ્યાદ્રષ્ટિ છે.

* અહો ગજબ વાત છે! ત્રિકળી જ્ઞાન–દર્શન તે વસ્તુનું લક્ષણ છે, પરંતુ જેને પર્યાયમાં વીતરાગી સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થયું છે તેને એવો આત્મા જાણવામાં આવે છે. અનંત અનંત જન્મ–મરણના નાશનો ઉપાય કોઈ અલૌકિક છે. વ્યવહારરત્નત્રય દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ તે તો આત્માનું વ્યવહાર લક્ષણ પણ નથી. વ્યવહાર લક્ષણ મતિ–શ્રુતજ્ઞાનની પ્રગટ પર્યાયને કહ્યું છે.

પ્રશ્નઃ –રાગને જીવનો કહેવો કે પુદ્‌ગલનો ?

ઉત્તરઃ –રાગ પોતાની પર્યાયમાં જ થાય છે, પોતે જ કરે છે તેથી પર્યાયદ્રષ્ટિથી રાગ જીવનો છે. દ્રવ્યદ્રષ્ટિથી દ્રવ્યસ્વભાવમાં રાગ છે જ નહિ તેથી રાગ જીવનો નથી પણ પુદ્‌ગલના લક્ષે થતો હોવાથી પુદ્‌ગલનો છે.

પ્રશ્નઃ –એક ખીલે બાંધોને ?

ઉત્તરઃ –જે અપેક્ષાથી કહેવાય છે તે અપેક્ષાએ ખીલો પાકો જ છે. રાગને સર્વથા પરનો જ માને તો જીવ સ્વછંદી થઈ જશે અને રાગને સર્વથા પોતાનો જ સ્વભાવ છે તેમ માનશે તો રાગ નીકળી શકશે નહિ. માટે પહેલાં રાગ પોતાના અપરાધથી પોતે જ કરે છે. કર્મ રાગ કરાવતું નથી એ રીતે નિર્ણય કરીને, પછી સ્વભાવ દ્રષ્ટિ કરાવવા, રાગ મારું સ્વરૂપ નથી, ઉપાધિભાવ છે માટે કર્મજન્ય કહીને રાગનું લક્ષ છોડાવીને સ્વભાવનું લક્ષ કરાવ્યું છે.

* જ્ઞાનીઓને જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માને છોડીને અન્ય વસ્તુ સારી લાગતી નથી, તેથી પરમાત્માને જાણવાવાળુ જ્ઞાનીઓનું મન બાહ્ય વિષયોમાં ચોંટતું નથી, અને જે જીવને રાગની રૂચિ ને પ્રેમ છે તે જીવોનું મન પરમાનંદને દેનાર પરમાત્મામાં ચોંટતું નથી. તે જીવો કદાચિત બાહ્ય ત્યાગ કરે, સંયમ ધારે, બાહ્ય હિંસાદિ કરતા ન હોય છતાં

રાગની રુચિવાળાને અંતરંગ અભિલાષા છુટી ન હોવાથી છ કાયના જીવોનો ઘાતક જ છે. બાહ્ય વિષયો છોડયા હોવા છતાં અંતરંગથી છૂટયા ન હોવાથી વિષયોનો સેવક જ છે. અહાહા ! અંતરદ્રષ્ટિની વાત કોઈ અલૌકિક છે. ભાગ્યશાળીને કાંને પડે એવી છે.

* શેરડીનો રસ અને કુચા જો એકમેક હો તો રસ અને કુચા કદી જુદા ન પડત, પણ રસ અને કુચા બન્ને જુદા જ હતા તેથી જુદા પડયા છે. તેમ જ્ઞાન અને રાગ બન્નેના સ્વભાવ જુદા જ છે તેથી જુદા પડે છે. એકમેક હોય તો જ્ઞાનથી રાગ જુદો પડે જ નહિ, પણ રાગ જાુદો પડી ટળી જાય છે ને જ્ઞાન કાયમ રહે છે. માટે તે બન્ને જુદા જ હતા તેથી જુદા થયા છે.

* જેમ કોઈ મોટા રાજા ઘેર આવ્યા હોય અને તેનું સન્માન કરવાનું છોડીને ઘરના નાનકડા બાળક સાથે રમવા લાગે તો આવેલા રાજાનું અપમાન ગણાય, તિરસ્કાર ગણાય છે. તેમ આ બેહદ જ્ઞાન અને બેહદ આનંદવાળો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ અંદરમાં બિરાજે છે તેની સામું જોવે નહિ અને રાગાદિ વિકલ્પોની જ સામે જોયા કરે એ ભગવાન આત્માનો મહાન અનાદર છે, તિરસ્કાર છે અને એ જ મિથ્યાત્વ છે. એનું ફળ ચાર ગતિનું ભ્રમણ છે.

* ઢોર ચારો કરીને બહારથી ઘેર આવે છે ત્યારે ઘરનું બારણું બંધ હોય તો માથા મારીને અંદર જવા માગે છે કેમ કે આખી રાત્રિ ઘેર રહેવું છે ને ! ઘર પોતાનું માન્યું છે ને ! તેમ સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માએ આત્માનું ઘર જોયું છે, તેને પ્રતિકૂળતાનો પાર ન હોય તોપણ માથા મારીને એટલે કે પુરુષાર્થ કરીને નિજઘરમાં આવે છે ને વિશ્રાંતિ લ્યે છે.

* ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી છે પણ તેમાંથી અનંત અનંત આનંદના કોળા પાકે છે. ભગવાન આત્મા આનંદની વેલડી સમાન છે એની પર્યાયમાં અનંત આનંદ ને અનંત શાંતિ પાકે એ ભગવાન આત્માની સાચી પ્રતીતિનું સાચા નિર્ણયનું ફળ છે.

* નરક કરતાં જીવે સ્વર્ગના ભવો અસંખ્ય ગુણા કર્યા છે. આમ ભગવાનની વાણીમાં આવ્યું છે. એક ભવ નરકનો અને અસંખ્ય ભવો સ્વર્ગના કર્યા છે, અને નરકના ભવ જીવે અનંત કર્યા અને સ્વર્ગના ભવ નરક કરતા અસંખ્ય અનંત કર્યા. સ્વર્ગમાં જનાર જીવે વ્રત–તપ આદિ પૂર્વે કર્યા હોય છે ત્યારે સ્વર્ગમાં જાય છે. આ રીતે અજ્ઞાનીએ અનંતીવાર વ્રત–તપાદિ કર્યા પણ આત્માના ભાન વિના ભવનો અંત આવ્યો નહિ.

* પ્રશ્નઃ –જ્ઞાની શુભ રાગને ભલા જાણતો નથી તો અતિચારનું પ્રાયશ્ચિત કેમ લ્યે છે ?

ઉત્તરઃ –પ્રતિક્રમણ પ્રાયશ્ચિત આદિના શુભરાગને પણ ઝેરનો ઘડો કહ્યું છે, વિષયવાસનાનો અશુભ રાગ તો ઝેર છે જ પણ શુભરાગ પણ ઝેર છે. ભગવાન આત્મા અમૃતનો કુંભ છે. રાગ તેનાથી વિરુધ્ધ જાત હોવાથી ઝેર છે.

પ્રશ્નઃ –બધા જીવોથી મૈત્રીભાવ રાખવો તે શુભ રાગ છે ને ?

ઉત્તરઃ –બધા આત્માઓ સિદ્ધ સમાન છે, કોઈ પ્રત્યે રાગ–દ્વેષ નહિ, એવો મૈત્રિભાવ તે જ્ઞાતાદ્રષ્ટારૂપ ભાવ છે, શુભરાગ નથી.

* આચાર્યદેવ કરુણા કરીને કહે છે હે આંધળા ! તને વેપારના ચોપડા આદિ અનેક કળાનું બધું જાણપણું છે અને તારા સુખનું નિધાન તારી વસ્તુનું તને જ્ઞાન નહિ ! તું આંધળો છો ! તું સ્વયં જ્યોતિરૂપ છો, સુખનું ધામ છો, તેનું તને જ્ઞાન નહિ, ભાન નહિ, શ્રદ્ધા નહિ અને દુઃખના કારણભૂત બાહ્ય પદાર્થનું જ્ઞાન, અહાહા કેવી વાત છે ?

* યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ ! હવે તારે ક્યાં સુધી સંસારમાં ભટકવું છે ? હજુ તું થાક્યો નથી ! હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ ! અહાહા ! જેમ પાણીના ધોરીયા વહેતા હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે. પીતા આવડે તો પી. ભાઈ ! સારા કાળે તો કાલનો કઠીયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. જેમ પુણ્યશાળીને પગલે પગલે નિધાન નીકળે તેમ આત્મપિપાસુને પર્યાયે પર્યાયે આત્મામાંથી આનંદના નિધાન મળે છે.

પ્રશ્નઃ –સમ્યગ્દર્શન તો રાગ છોડે ત્યારે થાય ને ?

ઉત્તરઃ –પ્રથમ રાગ ન છૂટે, પણ રાગની રુચિ છોડી સ્વભાવની રુચિ કરે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનમાં રાગની ભિન્નતા થાય છે. રાગ છૂટતો નથી પણ રાગને દુઃખરૂપ જાણીને તેની રુચિ છૂટે છે.

પ્રશ્નઃ –આપનો સમયસારનો અધ્યાત્મનો સૂક્ષ્મ વિષય છે તો અમને કોઇ એવી વાત બતાવો ? અમે તો યાત્રાએ નીકળ્યા છીએ.

ઉત્તરઃ –અમે તો સૌને ભગવાન દેખીએ છીએ. અંદર નિત્યાનંદપ્રભુ ત્રિકાળી ચૈતન્ય ભગવાન બિરાજે છે, તેના આશ્રયથી સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. વિકલ્પનું અને પરનું લક્ષ છોડીને અંદરમાં ભૂતાર્થસ્વભાવી ભગવાનનો આશ્રય કરવો તે એક જ કરવા યોગ્ય મૂળ વસ્તુ છે.

પ્રશ્નઃ –વ્રત–તપ એ બધા વિકલ્પ જ છે તો પછી કરવા કે નહિ ?

ઉત્તરઃ –કરવા–ન કરવાની વાત નથી. સમ્યગ્દર્શન પછી પાંચમે ગુણસ્થાને તેવા વિકલ્પો આવે છે, તે શુભ રાગ છે, ધર્મ નથી તેમ જાણે છે. મિથ્યાદ્રષ્ટિને તેવા વિકલ્પો આવે

છે, તેને શુભરાગથી પુણ્ય બંધાય છે પણ તે રાગથી લાભ માને છે, રાગને પોતાનું સ્વરૂપ માને છે તેથી મિથ્યાત્વ પણ સાથે બંધાય છે. શુભ છોડીને અશુભમાં જવાની વાત નથી પણ શુભરાગને પોતાનું સ્વરૂપ નથી તેમ જાણી શુદ્ધતા પ્રગટ કરવાની વાત છે.

પ્રશ્નઃ –ચોખા વર્ષો સુધી પડયા રહે પણ પાણીના નિમિત્ત વિના નહિ પાકે, પાણી આવશે ત્યારે પાકશે ?

ઉત્તરઃ –ચોખા જ્યારે પાકશે ત્યારે તેના પોતાનાથી જ પોતાની યોગ્યતાથી જ પાકશે અને તે કાળે પાણી નિમિત્તરૂપ સહજ જ હશે આવો વસ્તુસ્વભાવ છે.

* અહાહા ! તે તે દ્રવ્યની તે તે કાળની પર્યાય યોગ્યતા અનુસાર જ થાય છે, તે તેનો સ્વકાળ છે ત્યારે થાય છે. તે થવા કાળે બાહ્ય ચીજને નિમિત્તપણાનો આરોપ આવે છે. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે તો બીજું દ્રવ્ય ક્યાં રહ્યું ? અનંત દ્રવ્યો અસ્તિરૂપ છે તે દરેકને ભિન્ન ભિન્ન અસ્તિરૂપે માને ત્યારે શ્રદ્ધા–જ્ઞાન સાચા થશે.

* અહાહા ! પર્યાય દ્રષ્ટિવાળો ક્યાં જાશે ? સંયોગમાંથી તેને છૂટવું ગમતું નથી તેથી કીડી, કાગડા, કંથવા, નરકાદિ ગતિઓના સંયોગમાં ચાલ્યો જશે. સ્વભાવ દ્રષ્ટિવાળાને સંયોગ રુચતો નથી તેથી સર્વસંગથી છૂટીને મુક્ત થઈ જશે.

પ્રશ્નઃ –સ્ત્રી–પુત્રાદિને ધૂતારાની ટોળી માનતા ઘરમાં ઝગડો થાય એવું છે.

ઉત્તરઃ –પરદ્રવ્યને પોતાના માનવા એ જ અંદરમાં મિથ્યાત્વનો મોટો ઝગડો થાય છે, જેનાથી ચાર ગતિના દુઃખ ભોગવી રહ્યો છે. કુટુમ્બીજનો સ્વાર્થના સગા છે, એ તો હકીકત છે. પોતાના સ્વાર્થના પોષણ માટે પ્રેમ કરે છે એમ અંદરમાં સમજીને અંદરથી મમત્વ છોડવાનું છે. આ તો અનાદિના ઝગડા છોડવાની વીતરાગની વાત છે. ભાઈ ! ૨૬ મી જાન્યુઆરીને લોકો સ્વરાજ્ય દિન કહે છે, પરદ્રવ્યમાંથી સુખ લેવાની વાંછારૂપ દીનતા છોડી સ્વદ્રવ્યમાં સંતોષ માનવો એ ખરું સ્વરાજ્ય છે. તે અવિનાશી સ્વરાજ્યને ભોગનાર સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા છે. તે સાચો રાજા–બાદશાહ છે. બહારના રાજ્યનો ભોગવટો કરનાર રાજા–બાદશાહ તો પરમાંથી સુખ લેવાની આકુળતાની જ્વાળાને ભોગવે છે, આત્મશાંતિને ભોગવતો નથી.

પ્રશ્નઃ –આપે કહ્યું કે અકસ્માત કાંઈ જ થતું નથી તેથી જ્ઞાની નિઃશંક ને નિર્ભય છે. પણ છાપામાં તો અકસ્માતના બનાવો ઘણા આવે છે ?

ઉત્તરઃ –જગતમાં અકસ્માત કાંઈ થતું જ નથી. જે દ્રવ્યની પર્યાય જે કાળે થવાની હોય

તે જ થાય છે. દેહ છૂટવાનો જે કાળ જે ક્ષેત્ર અને જે નિમિત્તથી છૂટવાનો હોય તે રીતે જ છૂટે છે. આડું-અવળું કે અકસ્માતથી કોઈ પદાર્થનું પરિણમન થતું જ નથી, વ્યવસ્થિત જ થાય છે.

* *

## "તમે પણ ભગવાન છો !"

બાળકો ! જુઓ ભાઈ ! હું તમને બાળક નથી માનતો ભગવાન સ્વરૂપ માનું છું. આત્મા તો ભગવાન સ્વરૂપ છે, બાળક આદિ તો શરીરની અવસ્થા છે ને રાગ થાય છે તે ક્ષણિક વિકારી અવસ્થા છે, તેની પાછળ શક્તિમાં ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપે બિરાજે છે. અંદરમાં પૂર્ણાનંદનો નાથ ભગવાન સ્વરૂપ બિરાજે છે. તેનું ધ્યાન કરતાં પર્યાયમાં ભગવાન પ્રગટ થાય છે. પ્રાપ્યની પ્રાપ્તિ હોય છે. આવા ચૈતન્ય ભગવાનનું સ્વરૂપે સાંભળતાં સાંભળતાં એની રુચિમાં સત્યના સંસ્કાર પડતા જાય છે ને પછી તે સંસ્કાર વધતા વધતા બહાર આવશે. જેમ કોરા માટીના ઘડામાં પાણીના ટીપા પડે છે તે પહેલાં દેખાય નહિ પણ વધુ પડતાં પડતાં ઘડામાં પાણી બહાર દેખાય છે તેમ.

(બાળકો પ્રતિ પૂજ્યશ્રીના ઉદ્ગારો)

## [ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ ગતાંકથી ચાલુ ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૭૨ | શ્રી રામજી દેવરાજ શાહ | નાઈરોબી | ૩૭૮ | શ્રી ફુલચંદ વિમલચંદજી | ઉજ્જૈન |
| ૩૭૩ | ,, કીર્તિકુમાર લક્ષ્મીચંદ | અમદાવાદ | ૩૭૯ | ,, પ્રેમચંદભાઈ શાહ | લંડન |
| ૩૭૪ | ,, મહેન્દ્ર લક્ષ્મીચંદ શાહ | સોલાપુર | ૩૮૦ | ,, પ્રવીણચંદ એચ. દોશી | બેંગલોર |
| ૩૭૫ | ,, પુષ્પાબેન અમુલખ મોદી | રાજકોટ | ૩૮૧ | ,, મનહરલાલ પોપટલાલ શેઠ | ,, |
| ૩૭૬ | ,, બાબુભાઈ માણેકલાલ શાહ | ખાર | ૩૮૨ | ,, રમેશચંદ્ર મંગળજી મેતા | મુંબઈ-૬ |
| ૩૭૭ | ,, ચંપાબેન શિવલાલ | મુંબઈ-૬ | ૩૮૩ | ,, ધીરજલાલ હ. ગાઠાણી | ,, |

આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧ - [ ક્રમશઃ ]

## * તે ધર્મ ધન્ય છે *

**ધ્રુવધામના-ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી ધગશ**
**ને ધીરજથી ધખાવવી તે ધર્મ ધન્ય છે.**

(પૂજ્ય ગુરુદેવ, તા. ૨-૩-૭૭)

## સમ્યગ્દર્શનની દુર્લભતા

[ તા. ૨૯-૧-૭૭, પરમાત્મપ્રકાશ પર પૂજ્ય ગુરુદેવનું પ્રવચન ]

અહીં મુનિરાજ સમ્યગ્દર્શનની દુર્લભતા બતાવે છે કે :–

કાળ અનાદિ છે, જીવ પણ અનાદિ છે અને ભવસાગરરૂપી સંસાર પણ અનાદિ છે. આ જીવે અનંતકાળ સંસારસમુદ્રમાં રખડતા થકા કદીયે સમ્યગ્દર્શન પામ્યો નથી તથા જિનરાજ સ્વામી પામ્યો નથી, બાકી સ્વર્ગ અને શેઠાઈ અનંતવાર પામ્યો છે. જીવ અનાદિનો છે ને?–તો અનંતકાળ પર્યંત ક્યાં રહ્યો? ક્યાંક તો રહ્યો હશે ને? –ચારગતિમાં રહ્યો છે, મોક્ષમાં હોય તો સંસારમાં પાછો કેમ હોય? તેથી અનાદિથી સંસારમાં રહ્યો છે. અનંતવાર સ્વર્ગ, નરક, મનુષ્ય અને તિર્યંચમાં રહ્યો છે. અરે! અનંતવાર નગ્ન દિગમ્બર દ્રવ્યલિંગી સાધુ પણ થયો, પરંતુ એક સમ્યગ્દર્શન વિના તે સર્વ નિષ્ફળ ગયું.

મિથ્યા શ્રદ્ધાને વશ થઈને–રાગાદિને વશ થઈને પોતાનું શુદ્ધાત્મ સ્વરૂપ દેખ્યું નથી. ચાર ગતિમાં અનંતા ભવ થયા, શેઠાઈ અનંતવાર કરી. મનુષ્ય અનંતવાર થયો, તેનાથી અસંખ્યાત વાર એટલે કે અસંખ્યાત અનંતવાર નરકમાં ગયો અને તેનાથી અસંખ્યાત અનંતવાર સ્વર્ગમાં ગયો. પણ નિજ શુદ્ધાત્મજ્ઞાન વિના ચાર ગતિમાં ક્યાંય લેશ સુખ ન પામ્યો. શાસ્ત્રજ્ઞાન અનંતવાર કર્યું પણ પવિત્ર પૂર્ણ નિજ શુદ્ધાત્માને કદી દેખ્યો નથી, જાણ્યો નથી, વિકારને વશ થઈને વિકાર રહિત પ્રભુને કદીયે ન દેખ્યો, ન જાણ્યો ને ન કદી શ્રધ્યો.

આ સંસારી જીવ અનાદિકાળથી આત્મજ્ઞાનની ભાવનાથી રહિત છે. રાગનું જ્ઞાન કર્યું, પરનું જ્ઞાન કર્યું ને પર્યાયનું જ્ઞાન કર્યું, અનંતવાર કર્યું, પણ આત્માનું જ્ઞાન ન કર્યું. અનંતવાર સંયોગી ચીજનું જ્ઞાન કર્યું, અનંતીવાર રાગનું ને પર્યાયનું જ્ઞાન કર્યું, પરંતુ એકવાર પણ નિજ શુદ્ધાત્માનું જ્ઞાન ન કર્યું, આત્મજ્ઞાનની ભાવના ન કરી એટલે કે સ્વભાવની સન્મુખતા કરી નહીં ને સ્વભાવની વિમુખ થઈને પર્યાયનું જ્ઞાન કરીને અનંતકાળથી સંસારમાં રખડયો છે. ૩૧ સાગરની સ્થિતિએ સ્વર્ગમાં અનંતવાર રહ્યો પણ આત્મજ્ઞાન ન કર્યું. એક દિવસની અબજોની પેદાશ એવો રાજા અનંતવાર થયો પણ પછી, આત્મજ્ઞાન વિના મરીને તિર્યંચ ને નરકમાં જતો રહ્યો.

સર્વજ્ઞ પરમાત્માએ અનંત આત્માને સિદ્ધ સમાન દેખ્યા છે પણ અજ્ઞાનીએ એવા નિજ આત્માને કદીયે દેખ્યો નથી. એ રીતે અનંતકાળમાં એકવાર પણ આ જીવ સમ્યગ્દર્શન પામ્યો નથી. હવે કહે છે કે એકવાર પણ વીતરાગી સર્વજ્ઞદેવ પામ્યો નથી. આ જીવ અનાદિ મિથ્યાદૃષ્ટિ છે, નિમિત્તથી મને કલ્યાણ થશે, બીજાને હું જિવાડી શકું છું એવી મિથ્યાદૃષ્ટિ અનાદિની છે. તેથી તે હલકા દેવનો ઉપાસક રહ્યો છે પણ વીતરાગી જિનવરદેવની ભક્તિ કદી પણ કરી નથી. મહાવિદેહમાં સદાય જિનવરદેવ બિરાજે છે, ત્યાં અનંતવાર ઉપજ્યો પણ જિનરાજની ભક્તિ કરી નથી, અનંતકાળમાં જિનરાજને કદી પામ્યો નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે સમકિત તો કદી ઉત્પન્ન થયું નથી એ વાત તો બરાબર છે પણ જિનરાજ સ્વામી ન પામ્યો હોય એમ કેમ બને? કેમ કે શાસ્ત્રમાં તો આવે છે કે અનંતવાર જિનરાજની ભક્તિ કરી છે, ભવે ભવે જિનરાજને પૂજ્યા છે. સમવશરણમાં સાક્ષાત્ જિનરાજ બિરાજે છે ત્યાં તેમની પૂજા કરી છે અને ત્યાં બિરાજમાન મહાસંતોની વંદના કરી છે એવું આગમનું વચન છે, માટે જિનરાજ સ્વામી પામ્યો ન હોય એમ કેમ કહો છો?

તેનું સમાધાન કરાવતાં મુનિરાજ કહે છે કે જિનવરદેવની, જિનવરની પ્રતિમાની પૂજા અનંતવાર કરી છે પણ આત્મા વીતરાગદેવ છે, તેની પૂજા કરી નથી. ભક્તિના બે પ્રકાર છે, જિનરાજની ભક્તિ તે શુભરાગ છે, તે ભક્તિ અનંતીવાર કરી છે પરંતુ પોતે વીતરાગમૂર્તિ છે, તેની સન્મુખતાની ભાવના તે ભાવભક્તિ છે, તે ભાવભક્તિ કદી પણ કરી નથી. આનંદમૂર્તિ આત્મા પોતે સ્વયં જિનરાજ છે, તેનો આદર કદી કર્યો નથી, તેની ભાવભક્તિ કદી કરી નથી.

પ્રભુ! અભવી આપની પૂજા નહીં કરી શકે, એટલે કે જેને રાગની રુચિ છે તે આપની પરમાર્થ પૂજા કરી શકતા નથી પણ તે રાગની પૂજા કરે છે. વીતરાગ પરિણતિથી જિનરાજની ભક્તિ કરવી તે ભાવભક્તિ છે. વીતરાગ પરિણતિથી, અકષાય સ્વભાવની પરિણતિથી અકષાય સ્વભાવની એકાગ્રતા ક્યારેય કરી નથી. વીતરાગી નિજ પરમાત્માની વીતરાગી પરિણતિ વડે ક્યારેય પૂજા કરી નથી.

રાગની રુચિ કરે છે તેનું ક્ષણે ક્ષણે ભયંકર ભાવમરણ થાય છે, પણ ખબર ક્યાં છે? અહીં તો કહે છે કે અનંતકાળમાં ભાવભક્તિ કરી નથી, ભાવભક્તિ તો સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. પ્રભુ! અભવી આપને નહીં વંદે, કેમ કે તેને રાગની રુચિ છે તેથી રાગને જ વંદે છે પણ વીતરાગતાનો આદર નહીં કરે.

વીતરાગ શુદ્ધાત્મ સ્વરૂપની અંતરદ્રષ્ટિ ને લીનતા તે ભાવભક્તિ છે. બહારમાં અબજો રૂપિયા ખર્ચીને મંદિર બનાવ્યા છે પણ ભાવભક્તિ કદીયે કરી નથી. જિનરાજની ભાવભક્તિ તો સમ્યક્દ્રષ્ટિવંતને જ હોય છે. જેને દયા–દાન આદિનો પ્રેમ છે, રુચિ છે તેને ભગવાનની ભાવભક્તિ કદીયે હોતી નથી. ભગવાન આત્માએ અનાદિકાળથી અનંત ભવભ્રમણ કર્યું પણ ક્યારેય સમ્યગ્દર્શન અને જિનરાજ સ્વામી પામ્યો નથી. અનંતવાર સમવશરણમાં ગયો પણ જિનરાજ સ્વામી પામ્યો નથી. અનંતવાર જિનરાજ સ્વામીની દ્રવ્યભક્તિ કરી પણ ભાવભક્તિ કરી નથી માટે જિનરાજસ્વામી ક્યારેય પામ્યો નથી. ભાવભક્તિ સમ્યગ્દ્રષ્ટિને જ હોય અને સમ્યગ્દર્શન કદી પામ્યો નથી તેથી ભાવભક્તિ કદી કરી નથી માટે જિનરાજ સ્વામી કદી પામ્યો નથી.

અંતર આનંદકંદ ભગવાન બિરાજમાન છે પણ તે તરફનો ઝુકાવ એક સમય પણ કદી કર્યો નથી, તેથી ભાવભક્તિ તેણે કદી કરી નથી. બાહ્યભક્તિ તો સંસારિક પ્રયોજન અર્થે કરી છે માટે તેની ગણતરી કરવામાં આવતી નથી. શુદ્ધાત્માને વિચારે, ધ્યાવે ને કેલી કરે તે ભાવભક્તિ છે. બહિર્મુખની દ્રષ્ટિ છોડીને અંતર્મુખની દ્રષ્ટિ કરે તે ભાવભક્તિ છે કેમ કે પોતે જ જિનરાજ છે.

ભવે ભવે જિનરાજ પૂજ્યા પણ એ તો શુભરાગ છે, તે આત્મકલ્યાણનો માર્ગ નથી. ભગવાન આત્મા રાગની નિવૃત્તિ સ્વરૂપ છે. રાગની પ્રવૃત્તિ તે આત્માનું સ્વરૂપ જ નથી, રાગની નિવૃત્તિ સ્વરૂપ આત્મા છે તો બહારની વાત ક્યાં રહી કે જડ ને પર સાથે સંબંધ હોય ! માટે ભગવાન આત્મા રાગનો સંબંધ છોડીને અબંધ સ્વભાવનો સંબંધ કરે તે ભાવભક્તિ છે. રાગની રુચિ છે તે સંસારનું જ પ્રયોજન છે તેથી દયા–દાન આદિના રાગનો જેને પ્રેમ છે તેને સંસારનું જ પ્રયોજન છે તથા રાગનો પ્રેમ છે માટે તેને વીતરાગ સ્વરૂપનો દ્વેષ છે.

ભગવાન આત્માની લક્ષ્મી પરમાત્મસ્વરૂપ જિન સંપદા તેમાં એકાગ્રતા કરી નહીં ને રાગની આપદાને જેણે સંપદા માની છે તેને રાગનો જ પ્રેમ છે અને જેને રાગનો જ પ્રેમ છે તેને વીતરાગ સ્વરૂપનો દ્વેષ છે. જેને વીતરાગ સ્વરૂપની રુચિ હોય તેને રાગની રુચિ ન હોય તેથી તેને ભાવભક્તિ હોય છે. અજ્ઞાનીને બાહ્યભક્તિ હોય છે તેને ગણવામાં આવતી નથી તેથી અજ્ઞાનીએ કદીયે જિનરાજ સ્વામીની ભક્તિ કરી નથી તેમ કહ્યું છે. અંતર વીતરાગ સ્વભાવની ભક્તિ વિના ઉપરની બાહ્યભક્તિ આદિ બધું નિઃસાર છે.

જ્ઞાની વીતરાગનો દાસ છે, જિનરાજનો દાસ છે. અજ્ઞાની રાગનો દાસ છે. જેને હજી તો પાપની પ્રવૃત્તિની નિવૃત્તિ કરીને દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ આદિના પણ ઠેકાણા નથી તેની તો શું વાત ! પણ અહીં તો કહે છે કે દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ તે પણ

ભાવભક્તિ નથી. અરેરે, બાપુ! તું ક્યાં જઈ ચઢયો છે? જેને રાગની રુચિ છે તે રાગમાં રખડશે.

આનંદના ધામમાં આનંદની પરિણતિ તે પૂર્ણતાનું કારણ છે. અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા તેની અતીન્દ્રિય આનંદની પરિણતિ તે પૂર્ણતાનું કારણ છે. અહીં કહે છે કે જ્ઞાની જીવ જ જિનરાજનો દાસ છે. રાગની રુચિવાળાને અનંતકાળમાં જિનરાજ સ્વામી નથી મળ્યા, કેમ કે જેને રાગની રુચિ છે તેના સ્વામી જિનરાજ ન રહ્યાં પણ તેનો સ્વામી રાગ થયો, માટે અનંતકાળમાં સમ્યગ્દર્શન અને જિનરાજ સ્વામી મળ્યા નથી. જેને જિનરાજ સ્વામી મળ્યા છે તે જિનરાજ સમાન થઈ જાય છે, તેના વિના જિનરાજની પૂજા–ભક્તિ આદિ બધું કરે તે તો લોક–દેખાવની પૂજા–ભક્તિ છે, તે શા કામની?


શિવ સ્વરૂપ જિનેન્દ્રનો સંગમ કદી થયો નથી, પોતે આત્મા સ્વયં જિનેન્દ્રદેવ છે તેનો સંગમ કદી થયો નથી, એટલે કે તેનું સેવન કદી થયું નથી. જો સમ્યગ્દર્શન હોય તો પરમાત્માનો પરિચય હોય અને તે જ જિનરાજ સ્વામીને પામ્યો છે. અજ્ઞાની અનંતકાળથી રાગનો પરિચયી છે તેથી તેને અનંતકાળમાં સમ્યગ્દર્શનનો તથા જિનરાજ સ્વામીનો કદી પણ ભેટો થયો નથી–એમ તેની દુર્લભતા બતાવીને આ મનુષ્યભવ પામીને તે પ્રાપ્ત કરી લેવા જેવું છે એમ કહ્યું છે.

સૂચના:– શ્રી વીતરાગ વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડ, જયપુરની ઉનાળાની પરીક્ષા તારીખ ૨ તથા ૪ જુલાઈના રોજ થશે, તે પરીક્ષા માટે તા. ૩૦–૪–૭૭ સુધીમાં તથા ત્યાર બાદ લેઈટ ફી સાથે તા. ૨૦–૫–૭૭ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરીને મોકલી દેવા. મંત્રી, પરીક્ષાબોર્ડ. જયપુર.

*** ધર્મી ધન્ય છે ***

**ચૈતન્યધાતુને ધારનાર ધ્રુવ ધણીનો ધૂની, ધૈર્યવાન ધર્મધ્યાની ધર્મી ધન્ય છે.**

**( પૂજ્ય ગુરુદેવ, તા. ૨-૩-૭૭ )**




* ભાવનગર નિવાસી શ્રી કેશવલાલ રેવાશંકર દેસાઈ ( વર્ષ ૬૨ ) તા. ૩૦–૧–૭૭ ના રોજ વહેલી સવારે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો લાભ લેવા અવાર–નવાર સોનગઢ આવતા હતા, તેઓને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ભક્તિભાવ હતો.
* રતનગઢ નિવાસી શ્રી શોભાચંદજી વૈદ્ય ( વર્ષ ૭૪ ) તે શ્રી દીપચંદજી શેઠીયાના મામાના દીકરા તા. ૪–૨–૭૭ ના રોજ દિલ્હીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષો સુધી અવારનવાર પૂજ્ય ગુરુદેવના સત્સમાગમનો લાભ લેવા આવતા હતા. તેમને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે દ્રઢ શ્રદ્ધા અને ઘણો ભક્તિભાવ હતો. સદ્‌ગત આત્મા દેવ–ગુરુ–ધર્મના પ્રતાપે આત્મકલ્યાણ પામો.
* લાઠીના રહીશ ( હાલ સોનગઢ ) છગનલાલ મોનજીભાઈ દેસાઈ ( વર્ષ ૮૩ ) શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈના પિતાશ્રી તા. ૧૩–૨–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી સતત સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. મરણના દિવસે સવારે ૧૦ વાગે પૂજ્ય ગુરુદેવશ્રીને આહારદાન કરીને 'આત્મધર્મ' વાંચ્યા બાદ એકાએક દેહ વિલાય પામ્યા હતા. તેઓને પૂજ્યશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો, તથા વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે દ્રઢ શ્રદ્ધા હતી. સ્વર્ગસ્થ આત્મા દેવ–ગુરુ–ધર્મના મંગલ પ્રતાપે તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમે રોપાયેલા સંસ્કારો વડે આત્મોન્નતિ પામો.
* પાલનપુરના રહીશ ( હાલ મુંબઈ ) ડૉ. શ્રી અનિલભાઈ મોદી તે શ્રી મલુકચંદ છોટાલાલ ઝોબાળિયાના જમાઈ તથા શ્રી પૂનમભાઈ શાહના બનેવીનું તા. ૨૩–૨–૭૭

ના રોજ મુંબઈમાં ૪૩ વર્ષની લઘુ વયે હાર્ટ–એટેકથી અવસાન થયું છે. સ્વર્ગસ્થ શ્રી અનિલભાઈને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે દ્રઢ શ્રદ્ધા તેમ જ પૂજ્ય ગુરુદેવ તથા તેમની ભવક્લેશહારિણી વાણી પ્રત્યે ખૂબ જ ભક્તિ હતી. અનિલભાઈ મુંબઈમાં તથા સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવના સત્સમાગમનો ખૂબ રુચિપૂર્વક લાભ લેતા હતા, તત્ત્વ સમજવાની ધગશપૂર્વક પ્રશ્નો પણ પૂજ્ય ગુરુદેવને પૂછતા હતા. તેમને શાસ્ત્રોનું વાંચન–મનન પણ સારું હતું. આ મનુષ્ય જીવનમાં આત્માને સમજવાનું કામ ખાસ કરી લેવા જેવું છે–એમ તેઓ ઉલ્લસિત વીર્યે વારંવાર બોલતા હતા. તેમનું લૌકિક જીવન પણ ખૂબ સજ્જનતાપૂર્ણ હતું. સ્વભાવે માયાળુ હોવાથી સગા–સ્નેહીઓમાં તેમની સુવાસ સારી હતી. સ્વર્ગસ્થ આત્મા વીતરાગી દેવ–ગુરુ–ધર્મના મંગલ પ્રતાપે તથા પૂજ્ય ગુરુદેવના સત્સમાગમે મેળવેલા આત્મરુચિના પાવન સંસ્કાર વડે શીઘ્ર આત્મકલ્યાણ પામો એ જ તેમના પ્રત્યે શુભ ભાવના.

* પોરબંદર નિવાસી મુરબ્બી શ્રી નેમિદાસ ખુશાલદાસ ઢાંકી (ઉં. વ. ૯૨) તા. ૨૫–૨–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લગભગ પચાસ વર્ષ પહેલાંથી પૂ. ગુરુદેવશ્રીના જુના પરિચયી અનન્ય ભક્ત હતા. પૂ. ગુરુદેવની અમૃતમય વાણીથી પ્રભાવિત થઈને પોરબંદરમાં પોતાના તરફથી દિ. જિન મંદિર બંધાવ્યું હતું અને વિ. સં. ૨૦૧૦ માં તેની પંચકલ્યાણકપૂર્વક પ્રતિષ્ઠા પૂ. ગુરુદેવની મંગલ ઉપસ્થિતિમાં કરાવી હતી. તે જૈન વિદ્યાર્થીગૃહ (સોનગઢ) ના પ્રમુખ હતા અને શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢના તથા મુમુક્ષુ મહામંડળના ઉપપ્રમુખ હતા તેમ જ પોરબંદરમાં પાંજરાપોળ આદિ સંસ્થાઓના પ્રમુખ હતા. પૂ. ગુરુદેવશ્રીની ભવક્લેશહારિણી અધ્યાત્મવાણીનો લાભ લેવા માટે સોનગઢમાં અનેક વર્ષો સુધી રહ્યા હતા. પૂ. ગુરુદેવશ્રી આ વિહારમાં પોરબંદર પધારવાના હોવાથી તેઓશ્રીના શુભ–આગમનની ભક્તિ અને ઉલ્લાસપૂર્વક તૈયારી કરી રહ્યા હતા. છેલ્લા છ દિવસ ન્યુમોનિઆની બિમારીમાં પૂ. ગુરુદેવશ્રીનું ને તેમના અધ્યાત્મબોધનું સ્મરણ કરતાં કરતાં તેમણે જાગૃતિપૂર્વક ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો હતો. સ્વર્ગસ્થ આત્મા દેવ–ગુરુ–ધર્મના મંગલ પ્રતાપે તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમે પામેલા ધર્મસંસ્કાર વડે આત્મોન્નતિ પામો.

* રાજકોટ નિવાસી (હાલ મુંબઈ) શ્રી અમરચંદભાઈ ગિરધરલાલ મોદી, તે શ્રી લાલચંદભાઈ મોદીના પિતાશ્રી (ઉં. વ. ૯૦), તા. ૨–૩–૭૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રીથી પ્રભાવિત થઈને છેલ્લા પચ્ચીસેક વર્ષથી પૂ. ગુરુદેવના સમાગમમાં આવ્યા હતા અને તેમની અધ્યાત્મરસઝરતી અમૃત વાણીનો

લાભ લીધો હતો. તેઓની શ્રી વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે દ્રઢ શ્રદ્ધા અને ભક્તિ હતી. તેમ જ આટલી વૃદ્ધવયે પણ તેઓશ્રી લાલચંદભાઈ તેમ જ અન્ય સાધર્મી બંધુઓ સાથે અધ્યાત્મતત્ત્વની સૂક્ષ્મચર્ચામાં પણ ઘણા ઉલ્લાસ પૂર્વક રસ લેતા હતા. તેઓશ્રી આત્માના સારા સંસ્કારો લઈને સ્વર્ગવાસી થયા છે. તે સંસ્કારોમાં આગળ વધીને શાશ્વત સુખને પામો.

સ્વર્ગસ્થ આત્માઓ દેવ–ગુરુ–ધર્મના મંગલ પ્રતાપે આત્મધર્મની પ્રાપ્તિ પૂર્વક આત્મોન્નતિને પામો એ જ ભાવના.


## આત્મધર્મ માસિક - પત્ર સંબંધી માહિતી

પ્રકાશન સ્થાન–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

પ્રકાશન તારીખ–દરેક માસની ૧૦ મી તારીખ.

પ્રકાશક–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ.

મુદ્રક–મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ.

સંપાદક–નાગરદાસ બેચરદાસ જૈન, સોનગઢ.

તંત્રી–પુરુષોત્તદાસ શિવલાલ કામદાર, ભાવનગર.

રાષ્ટ્રીયતા–ભારતીય.

માલિક–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

વ્યવસ્થાપક ( મેનેજર ) –
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

તા. ૧૦–૩–૭૭ PIN : 364 250


## સોનગઢના સમાચાર-

* ફાગણ સુદ ૧૨ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી ભાવનગરથી અત્રે સોનગઢ પધાર્યા છે. તેઓશ્રીનું સ્વાસ્થ્ય હાલમાં સારું છે. પરંતુ ચાર દિનની તાવની બિમારીની અશક્તિના કારણે સોનગઢમાં થોડા દિવસો આરામ કરશે અને ત્યાર બાદ વિહારના પ્રોગ્રામ વિશે નક્કી કરવામાં આવશે. પ્રવચનમાં રોજ બંને ટાઈમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનનું ટેપ રેકોર્ડિંગ ચાલે છે. ( તા. ૮–૩–૭૩ )
* ફાગણ સુદ ૧૩ ના રોજ શ્રી પરમાગમ મંદિરમાં બિરાજમાન જિનબિંબની પ્રતિષ્ઠાનો ચોથો વાર્ષિક દિવસ પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં આનંદોલ્લાસ પૂર્વક ઊજવાયો હતો.

# નમો દેવી વાગેશ્વરી જૈનવાની

જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધપ્રબુદ્ધા નમોં લોકમાતા;
દૂરાચાર દુર્નૈંહરા શંકરાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

સુધાધર્મસંસાધની ધર્મશાલા, સુધા તાપનિર્નાશની મેઘમાળા,
મહામોહવિધ્વંસની મોક્ષદાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

અખૈવૃક્ષશાખા વ્યતીતાભિલાષા, કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા,
ચિદાનન્દ–ભૂપાલકી રાજધાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

સમાધાનરૂપા અનુપા અછુદ્રા, અનેકાન્તધા સ્યાદ્વાદાંકમુદ્રા,
ત્રિધા[૨] સપ્તધા[૩] દ્વાદશાંગી વખાની,નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

અકોપા અમાના અદંભા અલોભા, શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાનશોભા,
મહાપાવની ભાવના ભવ્યમાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

અતીતા અજિતા સદા નિર્વિકારા, વિષૈવાટિકાખંડિની ખડ્ગધારા,
પુરા પાપ વિક્ષેપકર્તૃ કૃપાણી[૪], નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

અગાધા અબાધા નિરંધ્રા[૫] નિરાશા,અનન્તા અનાદીશ્વરી કર્મનાશા,
નિશંકા નિરંકા ચિદંકા ભવાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

અશોકા મુદેકા[૬] વિવેકા વિધાની,જગજ્જન્તુમિત્રા વિચિત્રાવસાની[૭],
સમસ્તાવલોકા નિરસ્તાનિદાની[૮], નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

---

૧. અશુદ્રા–શુદ્ધ. ૨. ઉત્પાદ, વ્યય, ધ્રુવ–ત્રિપદી. ૩. સપ્તભંગી. ૪. તરવાર જેવી, મોટી છરી
૫. વર્ણસંકર વિનાની. ૬. ખુશી ઉત્પન્ન કરનારી. ૭. વિચિત્ર પરિણામ લાવનારી
૮. નિદાનને દૂર કરનારી.

( શ્રી બનારસીદાસ )

# * આગમ-મહાસાગરના અણમૂલાં રત્નો *

* જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો 'સત્યાર્થ એમ જ છે" એમ જાણવું તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને "એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે" એમ જાણવું. અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી "આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે" એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યાં નથી.

( શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક )

* ભાઈ ! તારી આ બધી પ્રવૃત્તિ મને તો રેતીમાં તેલ શોધવા જેવી અથવા વિષ પ્રાશન કરી (-ખાઈને) જીવન વૃદ્ધિ કરવાની ઇચ્છા જેવી વિચિત્ર અને ઉન્મત્ત લાગે છે. ભાઈ ! આશારૂપ ગ્રહ (ભૂત) નિગ્રહ કરવામાં જ સુખ છે. તૃષ્ણાથી કોઈ કાળે કે કોઈ ક્ષેત્રમાં સુખ નથી. એ ટૂંકુ પણ મહદ્ સૂત્ર શું તને નથી સમજાતું ?-કે આ વ્યર્થ પરિશ્રમ (-પ્રવૃત્તિ) તું કરી રહ્યો છે !

( શ્રી ગુણભદ્રાચાર્ય )

* ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પરિપાટીને સમજનાર ગુણીજનનો શોક તો સ્વયં નષ્ટ થઈ જાય છે, મધ્યમ બુદ્ધિમાનનો શોક આંખમાંથી બે-ચાર આંસુ સારવાથી શાંત થાય છે; પરંતુ જઘન્ય મતિમાનનો શોક તો મરણ સાથે જ જાય છે.

( શ્રી અમિતગતિ આચાર્ય )

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૩૫૦